R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ શાંતિ રાંભિયા ❋ ચંદ્રકાન્ત નંદુ

VOL.64 ISSUE NO. 8 - NOVEMBER 2021 - 52 PAGES - RS. 15/-




Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 2371 4674 / 2377 3032 Email : ksevasamaj@gmail.com




We Navigate
Your Financial Adventure
& Ensure you
a smooth journey of life
from where you are
to where you want to be

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| | | | |
|---|---|---|---|
| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

નવેમ્બર ૨૦૨૧


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| **सर्वेऽत्र सुखिनः सन्तु** | ............................................... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ........................................ | ડો. મંજુલા વી. શાહ..................... | ૭ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| નવી શિક્ષણ નીતિ | તલક શાહ(ગાલા) .................. | ૧૨ |
| તંત્રીના પ્રતિસાદરૂપે પ્રતિભાવ | જયંતીલાલ પાસડ....................... | ૧૩ |
| શિક્ષણ નીતિ | પંકજ વોરા............................... | ૧૩ |
| પ્રતિસાદ | ચંદ્રકાન્ત નંદુ ........................... | ૧૪ |
| પગ મેં ભમરી | લીલાધર માણેક ગડા .................. | ૧૬ |
| પર્યાવરણનું સંવર્ધન | | |
| પુન્હાઃ એકદા ગુલમહોર................................. | ડૉ. ગિરીશ વીછીવોરા.................. | ૧૯ |
| ખાલી જગ્યા પૂરો........................................... | ગુલાબ દેઢિયા........................... | ૨૨ |
| ઉઘડ દ્વાર દેવા................................................ | CA સંજય વિસનજી છેડા.............. | ૨૪ |
| ‘ઘુમક્કડી દિલ સે’વાળા કિશનભાઈની મુલાકાત | જ્યોતિ મોતા .......................... | ૨૮ |
| સાહિત્ય અમૃત ............................................ | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૩૩ |
| સારવાર .................................................... | ડૉ. મણિલાલ ગડા.......................<br>ડૉ. દીપ્તિ શાહ (ગડા)................. | ૩૮ |
| ગાંધી અને પર્યાવરણ.................................... | દામજી માણેક ગડા.................. | ૪૧ |
| CELEBRATE LIFE ..................................... | Khyati Anil Haria ...................... | ૪૨ |
| ઉર્મિલલહર.................................................. | સંપાદન : વિશન નાગડા.............. | ૪૪ |
| સાંત્વન....................................................... | ............................................... | ૪૮ |



**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**



Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

“આજે લગ્નમાં શું જમવાનું હશે ?”
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
ગાલા કેટરર્સ નો ટેગ જોયે
“જે હશે બધુ ભાવતું જ હશે !”

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં
થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે
હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી
રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી,
વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

કાર્પોરેટર સેમીનાર,
એક્ઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને
કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ
Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spot.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા :
9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in
Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## सर्वेऽत्र सुखिनः सन्तु

**सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत।।**

દીપોત્સવીનો આ પર્વ પ્રકાશ પર્વ છે. પ્રકાશ નવી ઊર્જાનો દ્યોતક છે. દરેક વર્ષે આસો વદ અમાસના દીપાવલી આવે છે. પ્રકાશના આ પર્વમાં આપણા સૌના જીવનમાં ઉલ્લાસ, ઉમંગનો સંચાર થાય છે.

પરંતુ સમય બદલાયો છે. ૨૦૨૦ના માર્ચમાં દુનિયામાં કોવિડ-૧૯ - કોરોના નામના એક અદ્દશ્ય અસુરે અચાનક એની જાળ બિછાવી અને સમસ્ત વિશ્વને સકંજામાં લઈ લીધું. દીપાવલીનો પર્વ તો આવ્યો પણ પ્રકાશ પણ બંધક હતો. ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસને એ અદ્દશ્ય અસુરે એવા ભરડામાં લઈ રાખ્યા કે પ્રકાશ પર્વ અંધકારથી આવૃત રહ્યો. સમસ્ત વિશ્વ એક આશાએ શ્વસી રહ્યું હતું કે આ અસુરના બંધનમાંથી મુક્ત થશું અને ખુલ્લા આકાશમાં ફરી પાછા ફરશું.

અને વણથંભ્યો સમય ૨૦૨૧ની દિવાળીને ઉંબરે આવીને ઊભો છે આજે. આપણે ભારતની વાત કરીએ. ધીરેધીરે બધું થાળે પડતું જણાય છે. આશંકિત છીએ છતાં આ પ્રકાશ પર્વે પ્રકાશની આછેરી કોર દેખાય છે અને તેથી જ બધું વિસરીને જીવનને ફરી દીપાવલીથી પ્રકાશિત કરીશું. આ દેશની સંસ્કૃતિ 'વસુધૈવ કુટુંબકમ'ની સંસ્કૃતિ છે અને તેથી જ આ દેશ સર્વેનું, સર્વથા સુખ જ વાંછે છે અને એટલે જ એની પ્રાર્થના સદાય એક જ હોય છેઃ

**''सर्वेऽत्र सुखिनः सन्तु ।''**

પણ આપણી આ પ્રાર્થના જ આપણી સમક્ષ વીતેલા સમય અને ઈતિહાસનો આલેખ ધરી દે છે. આ નવ-વર્ષે આપણે એ જ સંકલ્પ કરીએ કે 'सर्वेऽत्र सुखिनः सन्तु'ના આ પાવન શબ્દોને ચરિતાર્થ કરવા આપણી જીવનશૈલી અને જીવનવ્યવહારને ઈતિહાસની એરણની કસોટીએ ચડાવી ભવિષ્યના માર્ગે ડગ ભરીએ. આજે સંકલ્પ કરીએ કે...

- કુદરતના સંવર્ધનના સંકેતને ઓળખીને આપણા વિકાસની દોડને પ્રકૃતિનું સંતુલન ખોરવાય નહિ એ રીતે સંતુલિત કરીએ.

- ગાંધીચિંધ્યા માર્ગે જીવનમાં સાદાઇને આપનાવી જીવનમાં સંતૃપ્તિ અને સંતોષને પામીએ.

- તંત્રજ્ઞાનના અંચળા હેઠળ પરિશ્રમથી અળગા ન રહેવાય. પરિશ્રમ જીવનનું અવિભાજ્ય અંગ છે એ સમજને જીવનમાં ઉતારી પ્રસન્ન રહીએ.

- શિક્ષણને અર્થલક્ષી (ભૌતિક ઉપલબ્ધિ) નહીં, જીવનલક્ષી સ્તરે મૂકીએ.

- ધર્મ એ જીવનશૈલી છે, નહીં કે ધાર્મિક પ્રક્રિયાઓ અને અનુષ્ઠાનો, એ સમજ કેળવીએ.

- અન્યાય સાંખી ન લેતાં અન્યાય સામે લડી લઈએ.

- આત્મનિર્ભરતા સ્વસામર્થ્યથી પામીએ, શાસનની સામે હાથ ફેલાવીને નહીં.

- પદ નહીં પુરુષાર્થની પરિણામલક્ષીતાનું મહત્ત્વ સમજીએ.

અને.......

અને.......

અને.......આ નૂતન વર્ષના પ્રભાતે આપણી પ્રાર્થનાને વાસ્તવિકતામાં પલટવાનું પ્રણ લઈએ.

**सर्वेऽत्र सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दु:खभाग् भवेत।।**

—નૂતન વર્ષનાં અભિનંદન—

# પ્રમુખશ્રીની કલમે

**ડૉ. મંજુલા વી. શાહ**

**અમૃત મહોત્સવ :-** આપણે ૭૫ વર્ષે ઊજવાતી વર્ષગાંઠને નામ આપ્યું છે **અમૃત મહોત્સવ.** અંગ્રેજીમાં જેને પ્લૅટિનમ જ્યુબિલી કહેવામાં આવે છે. જે વ્યક્તિઓએ સામાજિક કે પ્રજાલક્ષી કાર્યો કર્યાં હોય તેને એવૉર્ડ આપી એપ્રિસિયેશન કરવામાં આવે છે. સેવા સમાજ ૭૫મા વર્ષમાં પ્રવેશ કરી ચૂક્યો છે. ગયા અંકમાં આપે એ માણ્યું. સેવા સમાજ અને પગદંડીની એ યાત્રા આગળ ધપાવીએ.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ:-**

૧૯૪૭ થી ૧૯૫૮ સુધી ૧૧ વર્ષના તડકા-છાંયડા પસાર કરી ગયેલ સંસ્થા પાસે કશું ભંડોળ ન હતું, છતાં પણ સંસ્થાની પ્રણાલિકાગત પ્રવૃત્તિઓ - જેમ કે, પગદંડીનું પ્રકાશન, મેટ્રિક (ત્યારની એસએસસી) અને ઉચ્ચ અભ્યાસક્રમની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ, યુવક-યુવતીઓનું સન્માન, નિબંધ, વકતૃત્ત્વ, રમતગમત વગેરે હરીફાઈઓ, વિદ્યાર્થીઓને ભાવિ અભ્યાસક્રમ અંગે માર્ગદર્શન, શૈક્ષણિક પ્રદર્શનો વગેરે ચાલુ જ હતું, પરંતુ યોગ્ય ફંડના અભાવે કેટલીક જરૂરી પ્રવૃત્તિઓ આદરી શકાઈ નહિ. આ વર્ષો દરમિયાન સંસ્થાએ સમાજ સામે હાથ લંબાવેલ નહિ. કાર્યકરોનો ઉત્સાહ અને નવી પ્રવૃત્તિઓની આવશ્યકતા લાગતા સંસ્થાના લાભાર્થે ૧૮ મે,૧૯૫૯ના ''દેશી નાટક''નું લોકપ્રિય નાટક ''વિમળ જ્યોતિ'' ભજવાયું. તે જમાનામાં સેવા સમાજના ઈતિહાસમાં ખૂબ મહત્ત્વનો પ્રસંગ હતો. પ્રેક્ષકો સમક્ષ રજૂઆત - સંસ્થાની ચાલુ પ્રવૃત્તિઓ જાળવી રાખવી અને નવી પ્રવૃત્તિઓ આદરવી - સમાજના કૉલેજના વિદ્યાર્થીઓ માટે લાઈબ્રેરી - નાના પાયે શરૂ કરવા ત્યારના **મંત્રી શ્રી લખમશી રાંભિયા**એ સમાજ સમક્ષ આ વિચારોની રજૂઆત કરી. સમાજે એને ખૂબ આવકાર આપ્યો **પ્રથમ વખત તે જમાનામાં સેવા સમાજ રૂા. દશ હજારનું ભંડોળ એકઠું કરવામાં શક્તિમાન** બન્યું. ત્યારના **પ્રમુખ શ્રી દેવચંદ ગાલાએ** સમાજનો હાર્દિક આભાર માનતા ગળગળા થઈ સેવા સમાજની પ્રવૃત્તિઓમાં સમાજ તરફથી આવો જ સહકાર મળશે એવી આશા વ્યક્ત કરેલ.

સંસ્થાના આ કાર્યમાં (પાયાના પથ્થરો) ખૂબ મહત્ત્વની કામગીરી બજાવનાર શ્રી દેવચંદ ગાલા, ડૉ. મેઘજી ગોસર (ઉપ-પ્રમુખ), શ્રી કે. પી. ગાલા, ડૉ. જયંત કે. ગડા (મંત્રી), શ્રી જીવરાજ પુંજા દેઢિયા, શ્રી ડુંગરશી સોજુ મોતા, શ્રી શામજી પાસુ વીરા, શ્રી સુરેન્દ્ર છેડા, શ્રી દામજી વીરા, શ્રી નેમચંદ ગાલા, શ્રી નરેન્દ્ર કે. ગડા, શ્રી મુલચંદ કક્કા, શ્રી મગનલાલ સતરા,

શ્રી હંસરાજ ચાંપશી છેડા, શ્રી ભાણજી દેવજી સંગોઈ, શ્રી નવીનચંદ્ર રાયશી શાહ, શ્રી કાંતિલાલ ખેતશી શાહ, શ્રી નેમજી વિશનજી રાંભિયા, શ્રી હરખચંદ વી. ગાલા, શ્રી ચાંપશી વેરશી મોતા, શ્રી રમેશ કે શાહ. પ્રિય વાચકમિત્રો - આ પાયાના પથ્થરોમાં આપના નાના કે દાદા ચોક્કસ હશે - પાયાના પથ્થરોની ઈમારતને ધબકતી રાખવા મારે શું કરવું વિચારજો - બની શકે તો તન-મન-ધનથી આવકારજો.

**બુકબૅન્ક :-** ૧૯૫૭થી વિદ્યાર્થી ઓ માટે લાઈબ્રેરી કરવાની ચર્ચા હતી, પરંતુ ૧૯૬૦માં જૂન મહિનામાં ચર્ચા-વિચારણાને અંતે નક્કી થયું કે વિદ્યાર્થીઓને તેમની જરૂરિયાત પ્રમાણેનાં પુસ્તકો બાર મહિના માટે આપવા. એ માટે **ત્રણ હજાર રૂપિયા**નું રોકાણ કરેલ. તે જમાનામાં બજેટ મુજબ આશરે ૬૦ વિદ્યાર્થીઓને સંતોષી શકાશે. ૪૬ અરજીઓ આવેલ, એમાંથી ૪૩ જણને રૂા. ૧૭૦૦/-નાં પુસ્તકો આપવામાં આવેલ. પ્રથમ વખત આ યોજના શ્રી કલ્યાણજી જેઠાભાઈ શાહ તથા શ્રી ભાણજી દેવજી સંગોઈએ સારી જહેમત ઉઠાવીને નિષ્ઠાપૂર્વક ધાર્યા કરતાં સુંદર રીતે પાર પાડી. આ પ્રમાણે ત્રણ વર્ષ સુધી લાઈબ્રેરીનું કાર્ય ચાલ્યું, પરંતુ ૧૯૬૨ના નવેંબર મહિનામાં નક્કી થયું કે આ પ્રવૃત્તિનો ખૂબ લાભ લેવાય છે, પરંતુ લાઈબ્રેરી નથી તેથી ૧૯૬૩થી આ પ્રવૃત્તિનું નામ બુકબૅન્ક રાખવું. આ બુકબૅન્ક માટે જૂન મહિનામાં પગદંડીમાં જાહેરાત આપવામાં આવેલ. આર્થિક રીતે પગભર થવા (૧) સસ્તા દરની નોટબુકોનું વેચાણ (૨) રૂા. ૧૦૦, ૫૦, ૨૦, ૧૦ અને રૂા ૫ ની શૈક્ષણિક જાગૃતિની કૂપનો બનાવી વેચાણ કરવું (૩) દિવાળી બોણી દુકાનદારો પાસેથી ઉઘરાવવી. સંસ્થાના કાર્યાલય (ધીરવાણી ભુવન)માં નોટબુકોનું વેચાણ રાખવામાં આવેલ. ૧૯૭ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ.

**૧૯૬૩માં જૂન મહિના**માં પ્રથમ વખત બુકબૅન્ક યોજના વિધિપૂર્વક શરૂ થઈ. જૂન મહિનામાં આખા મહિના દરમિયાન કાર્યાલય રાતના ૧૨-૧૨ વાગ્યા સુધી ગાજતું રહ્યું. (હાલમાં જુલાઈ મહિનો સંજીવની માટે પણ કાર્યાલય રાત-દિવસ જાગતું હતું). **પુસ્તકોની ખરીદી, તેનું ચેકિંગ, જૂનાં તેમ જ નવાં પુસ્તકોને નંબર આપવાની વિધિ, રજિસ્ટર બનાવવું, એ પછી જુદાજુદા વિદ્યાર્થીઓને માંગણી પ્રમાણે બધાના સેટ બનાવવા, વિદ્યાર્થીઓને એમના નંબર મુજબ પુસ્તકો આપવા વગેરે વિવિધ કાર્યોમાં સેવા સમાજની બુકબૅન્કના કાર્યકરો રચ્યાપચ્યા રહે.** પ્રથમ વખતે ૧૫૩ જણને જોઈતાં પુસ્તકો આપી શકયા હતા. એ વખતે આ કાર્યકરોએ પોતાનું વિઝન બનાવેલ કે પાંચ વર્ષ પછી આનાથી વધુ ૪૦૦-૫૦૦ વિદ્યાર્થીને આપણે પહોંચી વળશું. સેવા સમાજ ગૌરવ ધરાવે છે કે સમાજમાં શિક્ષણ ક્ષેત્રે આવા નિષ્ઠાવાન કાર્યકરો સાંપડેલ છે. મારા અનુભવ મુજબ બુકબૅન્કના લગભગ બધા કાર્યકરો એવા છે કે તેમને તમે કોઈ પણ પ્રકારનું કાર્ય સોંપશો તેઓ એ કાર્ય સુપેરે પાર પાડે એવી તેમનામાં ક્ષમતા આવી જાય છે.

સેવા સમાજની આ બુકબૅન્કના કાર્યકરો સેવા સમાજનો કોઈ પણ મોટો કાર્યક્રમ હોય, યુવકોત્સવ, જ્ઞાતિસંમેલન, સંજીવની, તદુપરાંત સેવા સમાજ સિવાય બીજી સંસ્થા દેરાવાસી મહાજન, સ્થાનકવાસી મહાજન, માટુંગા બોર્ડિંગ શ્રી ક.વી.ઓ. મધ્યસ્થી વગેરેમાં સેવા માટે બોલાવે ત્યારે બુકબૅન્કનું નામ ઊજળું કરે છે.

૧૯૭૫ થી ૨૦૧૦ સુધી સંસ્થામાં બુકબૅન્કનાં પુસ્તકો લેવા અને આપવા માટે મહાજન વાડીના દરવાજાથી બહાર લાઈન શરૂ થાય. ઉપર ૧લા માળનો દાદર, બીજા માળનો દાદર અને ત્રીજા માળના દાદરથી સેવા સમાજની ઑફિસના બારણાં સુધી લગભગ ૭૦૦-૮૦૦ વિદ્યાર્થીઓની લાંબી કતાર જોવા મળે. બુકબૅન્કના કાર્યકરોનું સવારના આઠ વાગ્યાથી કાર્ય શરૂ થાય અને બપોરના એક વાગ્યા સુધી બધાને સંતોષપૂર્વક પુસ્તકો અપાઈ જાય.

૨૬ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ બુકબૅન્કે ૫૦ વર્ષ પૂર્ણ કર્યાં, ''સ્વર્ણીમ મહોત્સવ''રૂપી કાર્યક્રમ યોજેલ. સમાજમાં ઉચ્ચ શિક્ષણમાં પ્રવૃત્ત વિદ્યાર્થી મિત્રોને કૉલેજના પ્રથમ વર્ષથી લઈ, વિવિધ શાખાઓના અંતિમ ચરણ સુધી જેમ કે M.Com, M.A., MBA, CA, ICWA, LLB કે Eng. Deploma ઉપરાંત મેડિકલની વિવિધ શાખાઓનાં પુસ્તકો આપવા નજીવી ડિપૉઝીટ લઈને - આ પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ - આર્થિક અભાવને કારણે સમાજની કોઈ પણ વ્યક્તિ ઉચ્ચ શિક્ષણ લેતા ન અટકે અને એમને જોઈતી દરેક સહાય ઉપલબ્ધ કરાવવી. આ કાર્યક્રમની ખાસ વિશેષતા એ હતી કે અતિથિવિશેષરૂપી મહેમાનોને ''જનરેશન નેક્સ્ટ''ના રૂપમાં રજૂ કરવા. અલ્કેમી ગ્રુપનાં મનીષાબેન રશેષ ચંદ્રકાંત ગોગરી - નાના ભાડિયા, શ્રી નિલષે દામજી કુંવરજી ગાલા - સમાઘોઘા, શ્રી નિમિશ લક્ષ્મીચંદ કુંવરજી કેનિયા - બારોઈ, શ્રી ધર્મેશ કિશોર શામજી છેડા - ડોણ, શ્રી રોહન દિનેશ દેવચંદ ગાલા - રાયણ.

### બુકબૅન્ક પથદર્શના

- ✤ એશિયાભરની નામનાપ્રાપ્ત બુકબૅન્ક
- ✤ વિદ્યાર્થી દ્વારા વિદ્યાર્થીઓ માટે ચાલતી બુકબૅન્ક
- ✤ ૧,૫૨,૦૦૦ વિદ્યાર્થીઓએ છેલ્લાં ૫૦ વર્ષ દરમિયાન લાભ લીધેલ છે
- ✤ લાભાર્થીઓમાં અગ્રેસર એન્જિનિયરો, ડૉક્ટરો, વકીલો, એમ.બી.એ. નિષ્ણાત છે
- ✤ બુકબૅન્કને લીધે સમાજના કરોડો રૂપિયાની બચત થયેલ છે
- ✤ ૧૦૦૦ સેવાભાવી કાર્યકરો સમાજના ચરણે અર્પવા બદલ બુકબૅન્ક ગૌરવ અનુભવે છે.
- ✤ પુસ્તકોના રી-સાઈકલિંગના કારણે પર્યાવરણનું જતન
- ✤ કચ્છી સમાજના કૉલેજના લગભગ વિદ્યાર્થીઓને આવરી લેતી બુકબૅન્ક

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

તે વખતે બુકબૅન્ક એક નવી ચરણરૂપી પ્રવૃત્તિ આદરી તે કૉમ્પ્યુટર લોન યોજના. એ બદલ રજેરજની માહિતી આપવામાં આવેલ. સેવા સમાજની ઈમારતનો ધબકતી રાખવા બુકબૅન્કના આશરે ૧૫ થી ૨૦ વર્ષ સુધી કાર્યરત કાર્યકરો અને બુકબૅન્કની કમીટી અને પાયાના પથ્થરો

| | | | |
|---|---|---|---|
| **મનીષ દામજી ગાલા** | **વડાલા** | **હિતેન્દ્ર ટોકરશી વીરા** | **મેરાઉ** |
| **જીતેન નેમચંદ દેઢિયા** | **બાડા** | **સુરેશ દેવરાજ ગાલા** | **મકડા** |
| **મહેશ ડુંગરશી મોતા** | **બિદડા** | **વિ. કે. વોરા** | **નારાણપુર** |
| **અરવિંદ જેઠાલાલ વિસરિયા** | **બાડા** | **અજિત હિમ્મતલાલ વીરા** | **નાગલપુર** |
| **શૈલેશ લક્ષ્મીચંદ મોતા** | **બિદડા** | **ડાર્વિન નવીનચંદ્ર મોતા** | **ભુજપુર** |
| **નિલેશ શાંતિલાલ શાહ** | **સાંધવ** | **પુનિત સુધીર છેડા** | **બિદડા** |
| **કેનિશ સુધીર છેડા** | **બિદડા** | **બંટી નેમચંદ દેઢિયા** | **બાડા** |
| **પ્રકાશ ધનજી છેડા** | **બેરાજા** | **જિગર જયંતીલાલ છેડા** | **બગડા** |
| **જતીને પ્રેમજી શાહ** | **ભચાઉ** | **મહેક મિલન મોતા** | **બિદડા** |

દીપોત્સવીના મંગળ પર્વ આવ્યા અમે વહી નીકળ્યા. વર્ષભરનાં આર્થિક, સામાજિક, સંસારિક અને કૌટુંબિક સરવૈયાં સૌએ કાઢ્યાં હશે. સતત બે વર્ષથી ચાલુ રહેલ કોરોનાએ આપણને બધાને ઘણું શિખડાવી દીધેલ છે. આર્થિક ક્ષેત્રે ઘણાએ ઘણું ખોયું છે, તેમ જ મેળવ્યું છે.

સામાજિક ક્ષેત્રે - વર્ષ દરમિયાન થયેલી ક્ષતિઓનું પુનરાવર્તન કરવા ન દઈએ, શુભ ધ્યેયને જાળવીએ પ્રમાણે જીવનને વહેવા દઈએ એ જ મંગળ દીપોત્સવીનું મહામૂલું સૂત્ર. નવું વર્ષ સૌ કોઈને મંગલમય અને પ્રગતિમય નીવડો એવી મનોકામના.

— નૂતન વર્ષાભિનંદન —

મો. ૯૩૭૨૮૮૧૨૮૦

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## નવી શિક્ષણ નીતિ

૭૫ વર્ષે આપણને નવી શિક્ષણ નીતિ મળી છે જે સમાજને ભવિષ્યમાં દોરી જશે. તો પગદંડીને વિનંતી કે નવી અને જૂની શિક્ષણ નીતિની સમીક્ષા કરી સામાન્ય માણસ ને સમજાવે કે નવી નીતિ કઈ રીતે જૂની નીતિ કરતાં સારી છે.

ભીક્ષુ અખંડ આનંદ ટ્રસ્ટે દુનિયાના ઉત્તમ સાહિત્યનો ગુજરાતી અનુવાદ કરી લોકો સમક્ષ મૂક્યો હતો. અને જેથી કરીને કાલિદાસ, ટૉલ્સ્ટોય, વિક્ટર હ્યુગો, બર્નાડ શો જેવા અનેક લોકોને ગુજરાતીમાં જ વાંચ્યા હતા ને સમજ્યા હતા. તે માટે સંસ્કૃત, રશિયન કે ફ્રેન્ચ ભાષા જાણવી જરૂરી ન હતી. જો કે, આ બધું જ સાહિત્ય અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે.

નિષ્ણાતોનું માનવું છે કે એક દાયકા પછી તમારા હાથમાં જે જાદુઈ છડી (Cell Phone) છે તે તમારા દરેક કામ ઘરેબેઠાં કરી આપશે અને આ જાદુઈ છડી બનાવવાવાળા તમારો કબજો લઈ લેશે, જો તમે તંત્રજ્ઞાનથી વિમુખ હશો તો. આપણી નવી પેઢી ને શું જ્ઞાન આપવું એ આજે જ નક્કી કરવું પડશે.

ડૉ. અનિલ સહસ્ત્રબુધે AICTE (All India Council for Technical Education)ના ચૅરમૅનના હોદ્દે આવ્યા પછી એક પરિપત્રક ભારતની બધી જ અભિયાંત્રિકી કૉલેજોને મોકલેલ છે જેમાં જણાવાયું છે કે કૉલેજોમાં ફક્ત ભારતીય લેખકનાં પુસ્તકો ઉપયોગમાં લેવા તેમ જ વિદેશી પુસ્તક અને journal પર પ્રતિબંધ મૂકવામાં આવે. પ્રાંતીય કે હિન્દીમાં અભ્યાસ શરૂ કરવામાં આવે. મધ્ય પ્રદેશે Engineering Collegeમાં રામાયણ અને મહાભારતને અભ્યાસક્રમમાં દાખલ કરેલ છે. IITs કે IIMsમાં શું કરાશે, જ્યાં મોટે ભાગે આંતરરાષ્ટ્રીય પુસ્તકો વપરાય છે, એ ખબર નથી.

Talking Computer અંગે વૈજ્ઞાનિકો અને વિદ્વાનોએ વિશ્વની તમામ ભાષાની સમીક્ષા કરી પ્રતિપાદન કર્યું છે કે સંસ્કૃત ભાષા સૌથી સ્વીકાર્ય ઠરેલ છે. એનો રેફરન્સ મળશે તો સમજવામાં માર્ગદર્શન મળશે. આશરે ૧૯૮૫માં એવો દાવો પણ કરવામાં આવ્યો હતો કે સંસ્કૃત Computer Program લખવા માટે શ્રેષ્ઠ ભાષા છે. પણ એનું પ્રતિપાદન કોઈ નિષ્ણાંતે કર્યું નથી. આજ દિવસ સુધી સંસ્કૃત ભાષામાં એક પણ Program કે Operating System લખાઈ નથી.

એટલું જાણુ છું કે Latin પણ સંસ્કૃતની જેમ મૃત ભાષા છે, પણ ૧૮૯૫માં એક આંતરરાષ્ટ્રીય કમિશને જીવશાસ્ત્ર અને રસાયણ શાસ્ત્રના નામોનો ઉલ્લેખ Latin ભાષામાં કરવામાં આવે જેથી કરી રસાયણ, દવાઓ અને

જીવો ઓળખવા કે વાપરવામાં કોઈ ભૂલ ન થાય એવી સમજૂતી કરી હતી.

**- તલક શાહ (ગાલા)**

વિલેપાર્લે, કોડાય, મો.: ૯૯૬૭૩૩૧૪૬૦

(સંદર્ભ : Homo Dues by Yual Noah Harari, A Brief History of Tomorrow)

## તંત્રીના પ્રતિસાદરૂપે પ્રતિભાવ

ઑક્ટોબરની પગદંડીમાં તલક ગાલાનો તંત્રી લેખ પુનઃસ્થાપન અંગે પ્રતિભાવ હતો તે વાંચ્યો. ને તલક ગાલાના પ્રતિભાવ પ્રત્યે તંત્રીશ્રીનો પ્રતિસાદ પણ વાંચ્યો. પછી હું એવા નિર્ણય પર પહોંચ્યો કે તલકભાઈની વાત સાચી લાગી, કારણકે અત્યારે જેની જરૂરત છે. એ વધારે મહત્ત્વનું કહેવાય.

જેવી રીતે અંગ્રેજીનું જ્ઞાન આપણાને નાનપણથી મળ્યું હોત તો આજે આપણી પ્રગતિમાં ગણો વધારો થાત, કારણકે અંગ્રેજીનું ચલણ વ્યવહારમાં ઘણું બધું છે. એટલે આજે અમને અફસોસ છે કે ગુજરાતમાં અંગ્રેજી અમને પહેલી ચોપડીથી શિખવાડવામાં ન આવ્યું. જો અંગ્રેજી ભાષા શીખ્યા હોત તો અમને રોજબરોજના વ્યવહાર ને કામકાજમાં કામ આવી હોત. એટલે અંગ્રેજીની ઉપેક્ષા ન કરાય. ભલે આપણી ગુજરાતી ભાષાનું જ્ઞાન જરૂરી. પણ એથી વધુ જ્ઞાન અંગ્રેજીનું છે. બાકી આજના યુગમાં સંસ્કૃત ભાષાની વાત મનને મનાવવા પૂર્તિ છે. એની પાછળ સમય વેડફાય નહીં, જે વ્યવહાર કે વેપારધંધામાં જરૂરી નથી.

એટલે તલકભાઈની વાત પણ ખોટી ન લાગી. આખર વર્તમાન સમયમાં જે જરૂરી છે એને જ મહત્ત્વ અપાય. લખાણથી કોઈનું દિલ દુભાવવાની વાત નથી ને નથી કોઈ સાથે હરીફાઈ કરવી. જે જરૂરી હશે તે આપણે મનની વાત રાખવાની કોશિશ કરી.

**- જયંતીલાલ પાસડ**

મુલુંડ ઈસ્ટ, દેઢીઆ

મો.: ૯૯૩૦૫૦૩૦૧૮

## શિક્ષણ નીતિ

પગદંડીના ઑક્ટોબરના અંકમાંથી જાણ્યું કે કાલિદાસને માણવો હોય તો સંસ્કૃત શીખવું જરૂરી છે. તેમ જ વેદ-પુરાણોને પણ. સંસ્કૃત ભાષા સૌથી સરળ છે અને કૉમ્પ્યુટર પ્રોગ્રામ લખવા સૌથી ઉત્તમ છે. આજ સુધી કેટલા પ્રોગ્રામ સંસ્કૃત ભાષામાં લખાયા તે જણાવશો. દુનિયાની સંસ્કૃત એકમેવ ભાષા હશે. જેમાં એકવચન, દ્વિવચન અને બહુવચન એમ ત્રણ સંબોધનો છે.

અંગ્રેજોએ લાવેલ શિક્ષણ નીતિ નકામી છે અને ભારતાને ૭૫ વર્ષ પછી નવી નીતિ મળી એ આવકાર્ય છે. છાપામાં ક્યાંક વાંચ્યું કે હવે ડાર્વિનની વાહિયાત ઉત્ક્રાંતિ વિદ્યાર્થીઓને નહીં ભણાવી પડશે. સરદાર પટેલ કે આંબેડકર વાહિયાત શિક્ષણ નીતિના ભોગ બન્યા.

પગદંડીને ધન્યવાદ.

**પંકજ વોરા**

નવીનાર. મો. ૯૯૩૦૦૭૦૭૪૦

## પ્રતિસાદ

પગદંડીના ઑગસ્ટ, ૨૦૨૧ના તંત્રી લેખ 'પુનઃસ્થાપન'ના સંદર્ભે શ્રી તલક શાહે એમનો પ્રતિભાવ દર્શાવ્યો અને એના પ્રતિસાદ સ્વરૂપે તંત્રીએ એનો ઉત્તર આપતાં ખુલાસા અને મંતવ્યો જણાવ્યાં છે. તત્પશ્ચાત્ શ્રી તલક શાહ, શ્રી પંકજ વોરા અને શ્રી જયંતીલાલ પાસડે એમનાં મંતવ્યો આપતાં કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે.

આ ભૂમિકાને ધ્યાનમાં લેતાં પ્રતિભાવ આપનારા સુજ્ઞ વાચકો તેમ જ અન્ય સૌને એક વિનંતી કે એક વખત ધ્યાનપૂર્વક તંત્રીલેખ 'પુનઃસ્થાપન' વાંચી લે.

એમ કહેવું ભૂલભરેલું છે કે તંત્રીએ એવો દાવો કરેલ છે કે અંગ્રેજો દ્વારા લાવવામાં આવેલી શિક્ષણ નીતિ નકામી હતી. આ અંગે વધુ છણાવટ અને મંતવ્ય આ અગાઉ આપેલ જ છે.

શ્રી તલક શાહે કહ્યું છે કે, કાલિદાસ, ટૉલ્સટોય, વિક્ટર, હ્યુગો, બર્નાડ શો જેવા લેખકોનું ઉત્તમ સાહિત્ય ગુજરાતીમાં અને અંગ્રેજીમાં ઉપલબ્ધ છે. એ બધુ વાંચવા/સમજવા સંસ્કૃત, ફ્રેન્ચ કે રશિયન ભાષા જાણવી જરૂરી નથી. એ ખરું છે કે જગતનું ઉત્તમ સાહિત્ય અંગ્રેજીમાં ઉપલબ્ધ છે, પરંતુ આ સઘળું સાહિત્ય એની મૂળ ભાષામાંથી અનુવાદિત છે અને કોઈ પણ અનુવાદક જે તે ભાષામાં ગમે તેટલો વિશારદ હોય, એને માટે મૂળ કૃતિને સંપૂર્ણપણે વફાદાર રહી એના હાર્દ સુધી પહોંચી અન્ય ભાષાના વાચક સાથે અનુબદ્ધ થવું અશક્ય છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિ મૂળ તો બંગાળી ભાષામાં છે પણ એનો અનુવાદ વિશ્વની અનેક ભાષાઓમાં થયેલ છે. બંગાળી ભાષામાં ગીતાંજલિની જે ભાવવાહિતા પ્રકટ થાય છે એ શું અંગ્રેજી કે ગુજરાતીમાં લાવી શકાશે ? નહીં. શાકુંતલને માણવી હોય તો સંસ્કૃત શીખવું જ પડે. બાકી માતા ના ધાવણથી શિશુને જે પરિતૃપ્તિ થાય છે એ (બ્રાન્ડેડ) ડબ્બાના દુગ્ધપાનથી કેમ થવાની?

તંત્રીલેખમાં સંસ્કૃત ભાષા અંગે કોઈ દાવો નથી કર્યો, પણ એક અફસોસ અને વ્યથા વ્યક્ત કરી છે કે આપણા ઋષિ-મુનિઓએ સંસ્કૃત ભાષામાં રચેલા ગ્રંથોમાં જ્ઞાનના અખૂટ ભંડારો સંચિત થયેલા છે, પણ આપણે એ સાચવી ન શક્યા. આપણો વારસો આપણે ખોઈ બેઠા છીએ. અંગ્રેજ શાસકોની કૂટનીતિ, આપણી સ્વાતંત્ર્યોતર સરકારોની મતિ અને આપણી માનસિકતાએ અંગ્રેજી ભાષાના મોહતાજ બનાવી દીધા છે આપણને. એ હકીકત વ્યથિત કરનારી નથી શું ?

અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વને કારણે

ભારતની કથિત પ્રગતિ શક્ય થઈ છે એમ માનવું કેટલું ભ્રામક છે,? ચીન, જર્મની, ફ્રાંસ, જાપાન, આ બધાં રાષ્ટ્રોએ હાંસલ કરેલ વિકાસમાં અંગ્રેજીથી અલિપ્ત રહેવું તસુભાર પણ અવરોધક નથી નીવડ્યું.

પંકજભાઈ વોરાનું કહેવું છે કે સરદાર પટેલ અને આંબેડકર વાહિયાત શિક્ષણ નીતિના ભોગ બન્યા એ ન સમજાય એવું વિધાન છે. પંકજભાઈ પ્રકાશ પાડશે ?

શ્રી જયંતીલાલ પાસડ અફસોસ વ્યક્ત કરતાં કહે છે કે અંગ્રેજી ન શીખ્યા એ પ્રગતિમાં બાધક થઈ રહ્યું છે અને રોજબરોજના વ્યવહારમાં મુશ્કેલી આવી રહી છે. આ પરિસ્થિતિ ઊભી કેમ થઈ? આપણે, આપણા રાજકર્તાઓએ આ સ્થિતિ ઊભી કરી છે. જયંતીભાઈ, વર્તુળને વિસ્તૃત કરીને વિચારશો તો સમજાશે કે જરૂરિયાતો, જરૂરિયાતો પૂરી કરવા માટેના ઉકેલથી લઈ ભવિષ્ય તરફ દૃષ્ટિ રાખશો તો સમજાશે કે આપણે વર્તમાન સમયમાં જે જરૂરી છે એને જ મહત્ત્વ આપશું તો આપણું વર્તુળ સીમિત જ રહેશે. વર્તુળને પદાક્રાંત કરવાનો સંઘર્ષ સ્વયંથી જ શરૂ થાય, સંઘર્ષ છે માનસિકતા બદલવાનો.

શ્રી તલક શાહે જાદુઈ છડી (CELL Phone)ની વાત કરી છે. મારી વિનંતી છે કે આ અંકની સાહિત્ય-અમૃત કટારમાં શ્રી નિર્મલકુમાર શર્માનો લેખ और गौरैया ... विलुप्त हो जाएगी વાંચી જાય.

અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વને કારણે આપણે પ્રગતિ કરી છે એમ કહેવું ખોટું છે. આપણે મેળવ્યું છે એ કેવળ ભૌતિક લાભ છે. આવો લાભ મેળવતા આપણે આપણી સર્જનાત્મકતા સાથે સોદો તો નથી કરી રહ્યા ને ? આપણી સંશોધનવૃત્તિ આવી ભૌતિક ઉપલબ્ધિના અંચળા નીચે કુંઠિત તો નથી થઈ રહી ને ?

અંગ્રેજી ભાષાનો આ લખનારને કશો વિરોધ નથી. અંગ્રેજી એક સમૃદ્ધ ભાષા છે, જેમાં ઉત્તમ સાહિત્યનું સર્જન થયું છે, પણ આ દેશની પ્રજા પર એને થોપી દેવામાં અંગ્રેજોનો સ્વાર્થ હતો... સ્વતંત્રતા પછી પણ એની આણ હેઠળ રહી આપણો વહીવટ ચલાવવો અને શાલેય શિક્ષણમાં એની સર્વોપરિતા સ્વીકારી આપણી સંસ્કૃત અને આપણી પ્રાદેશિક ભાષાઓની અવગણના કરવી એ આપણા સ્વત્વને વેંચી દેવા સમાન છે. આપણી ગુલામ મનોદશાને આપણે જકડી રાખી છે અને એમાં જ આપણું શ્રેય છે એવા ભ્રમમાં રહીએ છીએ. આપણા સ્વત્વની આપણે પુનઃપ્રાપ્તિ કરીએ એવી પ્રાર્થના કરીએ.

- **ચંદ્રકાંત નંદુ**

મો. ૯૩૨૩૫૪૧૩૫૧

લીલાધર માણેક ગડા-અધા

# પર્યાવરણનું સંવર્ધન

ઑગસ્ટ મહિનાની વહેલી સવારે ભોજાયથી ભુજ જતો હતો. રામપર વેકરા ગામ વટાવતા થોડી તકલીફ થાય, કારણકે એક કિલોમીટરનું અંતર કાપતા વીસ સ્પીડ બ્રેકર વટાવવા પડે, અને એ અંતર કાપતા ગાડીને ખાસ્સી ૮ થી ૧૦ મિનિટ લાગે. ગામ વટાવતાં હાશકારો અનુભવ્યો, પરંતુ તે પછીનું દૃશ્ય જોતાં ખૂબ આનંદ અનુભવ્યો. ગામ પૂરું થયું ત્યાંથી અડધો કિલોમીટર અંતર વચ્ચે ૩૦ થી ૩૫ યુવાનો વૃક્ષારોપણ કરતા હતા. વૃક્ષો માટેના પૌધાઓ અને સુરક્ષા માટેનાં પીંજરાને થોડા યુવાનો રંગ લગાડતા હતા. થોડાક યુવાનો સરખે અંતરે પૌધાનું વાવેતર કરવા ખાડા ખોદતા હતા અને થોડા યુવાનો રોપેલા છોડવાને પાણી આપી લોખંડના પીંજરાં મૂક્તાં હતા. બધા યુવાનો યુનિફોર્મમાં હતાં. કોઈ NRI હતા, કોઈ કચ્છ બહાર રહેતા હતા અને કોઈ ગામમાં રહેતા હતા. મેં ગાડી ત્યાં થોભાવી અને યુવાનોની ટીમના લીડર સાથે વાર્તાલાપ શરૂ કર્યો.

છેલ્લાં બે વર્ષથી રામપર વેકરા અને દહીંસરાના ગ્રામજનોએ નિર્ણય લીધો છે કે બેઉ ગામ વચ્ચેના ચાર-પાંચ કિલોમીટરનાં રસ્તાના બન્ને છેડે વૃક્ષોનું વાવેતર કરવાનું. રામપર વેકરાના ચોકથી શરૂ થયેલા આ કાર્યક્રમની ફલશ્રુતિ એ છે કે બે વર્ષમાં આશરે એકાદ કિલોમીટર અંતરમાં વૃક્ષો રોપાઈ ગયાં છે. સામે છેડે દહીંસરાથી પણ અડધો કિલોમીટર અંતર વૃક્ષારોપણનું લાભાર્થી બન્યું છે. મંદિરનાં કોઈ ઉત્સવ નિમિત્તે યુવાનો ભેગા થઈ આ ઉત્તમ કાર્ય આદરે છે.

દહીંસરાથી ભુજ ૨૨ કિલોમીટર અંતર પૈકી અડધો ભાગ આશરે ૧૦ થી ૧૨ કિલોમીટરનું અંતર ખડકાળ છે જે લકી પટ તરીકે ઓળખાય છે. પાંચ-છ દાયકા અગાઉ માંડવીથી ભુજ જતાં રસ્તામાં આ પટ પસાર કરવો પડ્યો છે ત્યારનાં દૃશ્યો હજી સ્મૃતિમાં સચવાયેલાં છે. દશ-બાર કિલોમીટર સુધી ઘાસનું તણખલું પણ ન દેખાય, વચ્ચેવચ્ચે થોર અને દેશી બાવળનાં ઝાડો હોય અને સાવ નાગા ડુંગરાળ ટેકરાઓ સૂકા કચ્છની ચાડી ખાતા હતા. નાના હતા ત્યારે ગઢશીશાથી ગાડા વાટે દહીંસરા થઈને ભુજ જતા ત્યારે લકી પટ પાર કરતાં બહુ ડર લાગતો હતો. રસ્તામાં ખાબોચિયા જેવડું લકી તળાવ આવે. તે સિવાય ક્યાંય પાણી ન મળે વચ્ચે એકલ-દોકલ મુસાફર કે વાહન મળે.

આજે આ રસ્તો ગાડીઓથી ધમધમે છે. પરંતુ સૌથી મોટું આશ્ચર્ય આ ડુંગરાળ પટમાં આકાર લઈ રહેલાં સ્મૃતિવનોનું છે. આ ડુંગરાળ પટને નવપલ્લવિત કરવાની પ્રવૃત્તિ

એકાદ દાયકા અગાઉ શરૂ થઈ હતી. લકી તળાવ આગળ એવું જ નાનું ખત્રી તળાવ હતું. ડુંગરની ધાર પરથી વહેતું પાણી આ બન્ને તળાવોમાં સમાયા પછી નકામું વહી જતું હતું. વહેતા પાણીનો શ્રેષ્ઠ સંગ્રહ કેવી રીતે થાય તેની યોજના સ્વામીનારાયણ મંદિર (ભુજ)ના સંતોએ બનાવી. ખત્રી તળાવની આવ સુધારી તળાવને મોટું બનાવવામાં આવ્યું. લકી તળાવને પણ મોટું કરી એની આવ સુધારી. ખત્રી તળાવનાં ઓગનનું પાણી બીજા તળાવમાં અને બીજા તળાવના ઓગનનું પાણી ત્રીજા તળાવમાં એમ પાંચેક નાનાં મોટાં તળાવો બનાવવામાં આવ્યાં. બે મુખ્ય તળાવોમાં ખાત્રેણા કરી એનો વિસ્તાર પણ કરવામાં આવ્યો. આ બન્ને તળાવોની પાળો પહોળી કરી ત્યાં બેસવાની સગવડ થઈ. આસપાસ ઝાડોનું વાવેતર અને ઉછેર કરવામાં આવ્યો. વાહનો માટે પાર્કિંગની વ્યવસ્થા થઈ છે. નાની દેરીઓ બંધાઈ છે અને આજે એ બન્ને તળાવો ભુજવાસીઓ માટે પિકનિક પૉઈંટ બની ગયા છે. સારા વરસાદે છલકાઈ જતાં તળાવોમાં બે થી અઢી વર્ષ ચાલે એટલું પાણી સંગ્રહ થાય છે. આ આયોજનોમાં ક્યાંય પણ સરકારી સહાય કે તંત્ર સામેલ નથી. હવે તો ઘણા મંડળો પર્યાવરણ જતનમાં જોડાયાં છે.

સ્વામીનારાયણ મંદિરે (ભુજ) છેલ્લાં ત્રણ વર્ષથી નવી પ્રવૃત્તિને આકાર આપ્યો છે. સ્વામીનારાયણ સંપ્રદાયના બે મહંતોના સ્વર્ગવાસ પછી એમની યાદગીરીમાં સ્મૃતિવનો ઊભાં કરી પર્યાવરણ સંવર્ધન અને ઉછેરનું મોટું કામ હાથ ધર્યું છે. ભુજથી માંડવી જતાં ખત્રી તળાવ મૂક્યા પછી ડાબી બાજુ પ.પૂ. શ્રી ઘનશ્યામદાસજી સ્મૃતિવન બની રહ્યું છે, જ્યાં ત્રણથી ચાર હજાર વૃક્ષોનું પ્રથમ તબક્કે વાવેતર થયું છે. જ્યારે જમણી બાજુ મહંત શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજીની સ્મૃતિમાં જે વન આકાર લઈ રહ્યું છે તે ભવિષ્યમાં પર્યાવરણનાં સંવર્ધન, ઉછેર અને જતનની બહુ મોટી મિસાલ બની રહેશે. આ સ્મૃતિવન સતત હરિયાળું રહે તે માટે નજીકમાં ચૅકડૅમ બનાવી પાણી સંગ્રહ કરવામાં આવશે. વાસ્તવમાં આ ડુંગરાળ પટ્ટ હવે નાગો નહીં રહે. એને વલ્લકલનાં વસ્ત્રો મળી રહેશે અને તે ભુજવાસીઓ જ નહીં પણ સમગ્ર કચ્છના સહેલાણીઓ માટે આનંદ ધામ બની રહેશે. ભુજ માંડવીનાં પ્રવાસી દરમ્યાન ચાર ઘડી આ સ્મૃતિવનોમાં પસાર કરવાની લાલચ રોકી શકશો નહીં.

કચ્છને પાણી અને પર્યાવરણથી લીલુંછમ કરવાની પ્રવૃત્તિના દૃષ્ટા હતા મુરબ્બી શ્રી કાંતિસેન શ્રોફ. આ વર્ષે એમનું નવાણું વર્ષની વયે દુઃખદ અવસાન થયું. શ્રોફ પરિવારે આવતું વર્ષ એમનું જન્મશતાબ્દી વર્ષ અનોખી રીતે ઊજવવાનો નિર્ણય કર્યો છે.

આદરણીય પૂ. કાંતિસેન શ્રોફ કચ્છની સાર્વજનિક સંસ્થાઓના પ્રેરણા સ્વરૂપ હતા. કંડલા વાવાઝોડા અને ધરતીકંપ પછી રાહત અને પુનર્વસનનાં સુનિયોજિત કાર્યો માટે એમણે કચ્છના N.G.O.ને (સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓ) એકછત્ર નીચે લાવી કચ્છ નવનિર્માણ અભિયાનની સ્થાપના કરી હતી અને આ બંને આફતો વેળાએ અભિયાન સંસ્થાએ રાહત અને પુનર્વસન ક્ષેત્રે કરેલી કામગીરીની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નોંધ લેવાઈ છે.

પૂ. કાંતિકાકાની સ્મૃતિમાં શ્રોફ પરિવાર પાંચ સ્મૃતિવનોનું અને એકસો એક જળમંદિરોનું નિર્માણ કરશે. જે જે સંસ્થા આમાં કાર્ય કરવા ઇચ્છતી હોય તેમને સહભાગી બનાવવામાં આવશે. આપ વાચકોને ધ્યાનમાં હશે કે કચ્છમાં જળમંદિરો ઊભાં કરવાની પ્રવૃત્તિની શરૂઆત કરનારા ત્રણ જણ લાલ રાંભિયા, જયેશ લાલકા અને લીલાધર ગડા હતા, જેમાં આપણા સમાજની વ્યક્તિઓ, દાતાઓએ સહકાર આપ્યો હતો. જળમંદિરો પર્યાવરણ સંવર્ધનની મુખ્ય પ્રવૃત્તિના એક ભાગરૂપ છે. ત્રણ-ચાર વર્ષ પહેલાં ગુજરાત સરકારે જળસંચય યોજના હેઠળ આ પ્રવૃત્તિ હાથ ધરી. સરકારી કામના લેખાંજોખા કરવાનું આપણું ગજું નહીં એટલે એ આયોજન અંગે આપણે વાતો નહીં કરીએ, પરંતુ જળમંદિરો નિર્માણ કરવાની પ્રવૃત્તિ હજી પણ ચાલે છે. લોકો, દાતાઓ જોડાતા જાય છે, પરંતુ શ્રોફ પરિવારે પૂ. કાકાની જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે આદરેલી આ પ્રવૃત્તિ ઘણાને પ્રેરણા આપશે અનો લોકો પોતાના વડીલોની યાદમાં સ્મૃતિવનો ઊભાં કરશે.

વિશ્વના બધા ધર્મોથી વધારે પર્યાવરણની ખેવના અને ચિંતા જૈન ધર્મે કરી છે. આજે પણ જૈન ધર્મ અને સ્વામીનારાયણ ધર્મ પર્યાવરણ વિષે જાગૃત છે. અહીં એક બાબત નોંધીશ કે આજે જૈન ધર્મ પર્યાવરણનાં રક્ષણ જતન સુધી સીમિત થઈ ગયા છે. પર્યાવરણનું સંવર્ધન, નિર્માણ અને ખેવના જૈન ધર્મમાંથી ધીરે-ધીરે ઓછાં થતાં જાય છે. પાણી અને પર્યાવરણ એકબીજાનાં પૂરક છે, એ આપણે ભૂલવું ન જોઈએ. સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો સ્વયં પર્યાવરણ સંવર્ધન પ્રવૃત્તિમાં જોડાયા છે. જ્યારે જૈન સાધુસમાજ એનાથી અળગો રહ્યો છે. જૈન દર્શનનું અર્થઘટન આ અંગે જુદા સ્વરૂપે થઈ રહ્યું છે. જળમંદિરની પ્રવૃત્તિને શરૂઆતના તબક્કે એક શ્રાવક ભાઈએ દલીલ કરી હતી કે એમના ગુરુનાં જણાવ્યા પ્રમાણે જળમંદિર નિર્માણ કરવામાં સૂક્ષ્મ જીવહિંસા થાય છે અને વનસ્પતિનો ઉછેર થાય ત્યારે પણ હિંસા થાય છે. મારે આ અંગે કોઈ પણ ટીકા કે ટિપ્પણી કરવી નથી. ધર્મગ્રંથોએ પ્રબોધેલા આદેશ-ઉપદેશોનું પર્યાવરણ સંદર્ભે થંતુ અર્થઘટન સ્વીકાર્ય નથી પર્યાવરણનું માત્ર જતન એનાં સંવર્ધન અને ઉછેર વગર પાંગળું છે.

હું માત્ર આપણા યુવાનોને કહેવા ઇચ્છું છું કે રામપર વેકરા અને દહીંસરાના યુવાનોનાં કાર્યોમાંથી પ્રેરણા લઈએ. કાર્તિક મહિનાનાં પહેલા પખવાડિયા દરમિયાન સેંકડો યુવાનો કચ્છમાં ઊમટી પડશે. કોઈક ગામના યુવાનો પહેલ કરે અને વૃક્ષારોપણ નહીં, પરંતુ રોપણ અને જતન કરવાની પ્રવૃત્તિ હાથ ધરે. ઉનાળુ વૅકેશનમાં પણ કચ્છમાં આવનજાવન થશે.

આપણી મુલાકાતનાં સ્મૃતિચિહ્નો તરીકે વૃક્ષોને હકદાર બનાવીએ. પચીસ પચાસ વૃક્ષોના વનો ઉભા કરી અને જાળવવાની જવાબદારી યોગ્ય પ્રોત્સાહન આપી શાળાનાં વિદ્યાર્થીઓને સોંપીએ. નવસર્જનની દિશામાં એક મક્કમ પગલુ માંડીએ.

મો. ૯૮૭૯૫૦૬૦૫૯

# પુન્હાઃ એકદા ગુલમહોર

✻ ડૉ. ગિરીશ વીછીવોરા ✻

અહીંતહીં ગુલમહોરે ગજું કાઢ્યું છે. અલબત્ત મારું ગુલમહોર, મારા ઘરની પાડોશના આંગણામાં ઊભેલું ગગનગામી, ગુલબદન, ગુલિસ્તાં ને ગરમમિઝીતકી. એનું કંઈ કહેવાય નહિ. કઈ ડાળીએ એની વસંત મહોરશે તે છેવટ પર્યંત અકબંધ રાખે. ફળ સ્વરૂપ આવતાં, જતાં અહીં તહીં ગુલમહોરના જુલ્ફાં લહેરાતાં દેખાય કે એને નીરખવાનું ચાલુ કરું. ઓણ સાલ મારા રસોડામાંથી જ દેખાતી સાવ નીચી ડાળીએ એણે પડાવ પાથર્યો હતો. આજે વહેલી સવારે ટહેલતાં થંભી જવાયું. સ્વપ્ન કે સત્ય. ગુલમહોરે છડી પોકારી છે પણ ક્યાં ? છેક એની ગગનગામી ટોચને શિરે, ભાઈસાહેબ સાફો, ઉપર કલગી ને કલગીની કોરે વીજળીની નાનકડી બત્તી. અસ્સલ ગુલેબદન થઈ જાણે પોતાની પ્રિયતમાને પરણવા હાલી નીકળ્યો હોય! જોતો જ રહ્યો એનાં દર્શને પુલકિત થયેલાં મારાં અંગ ઉપાંગે જરા ઝટકો ખાધો. બહુધા જરાં ''હલો'' કરે. આ વખતે તો જાણે ઓળખાતો જ ન હોય તેમ ખભે તલવાર ધરી ડોલતો રહ્યો. મારી કમાન છટકી, પણ મનને કાબૂમાં લઈ લીધું. વિચાર્યું "Every dog has his days.'' હમણાં એનો સમય છે. એને મહાલવા દો. ભલે ને ધમપછાડા કરે, છેવટે તો એને વર્ષાને શરણે જવું જ પડશે.

એના ધમપછાડા કેવા? અત્યારે આખા માહોલમાં ગરમાળાનું ચક્રવર્તી રાજ ચાલે છે. એની આણ આગળ મહાકાય જૂના જોગી શિરીષ વૃક્ષોએ પણ શાણપણ વાપરી મૌન પસંદ કર્યું છે, પેલા તોફાની, નટખટ, નખરાળા વડલાએ પોતાની સુમતાં પ્રસાર જરૂર કર્યો છે છતાં થોડાક જ સમયમાં એ પણ શાનમાં સમજી મૂંગુંમંતર થઈ રહેશે. અત્યારે હોંશઘેલા ગરમાળાએ ગજબનો હોબાળો મચાવી દીધો છે. પેલી ચેન્નઈ સુપર કિંગનો ગણવેશ એણે જ એમને ધર્યો હશે. આખો રસ્તો પીળી જાજમ બિછાવેલો કોઈક આંગતુક મનમાં એ બધું એને માટે ઊભું કર્યું છે, સમજી, રાજીનો રેડ થઈ જાય તો આપણું શું બગડ્યું !

પણ, આ ગુલમહોર પર હું ફિદા થઈ ગયો છું એ જન્નતમાં બેઠેલા પેલા મકબુલ ફિદા હુસેનને ક્યાંથી ખબર પડી! કહી બેઠો, અરે યાર ગુલાબ ભી કુછ કમ નહીં હૈ, ઓર સુગંધ નો હવે તું એ ગુલમહોર પર પાગલ કયું હુઆ ઔર કૈસે ! ધડ દઈને એને કહી દઉં છું, મિંયાજી આપ લાલ રંગ ઈસ્તેમાલ ન

કરવાના કસમ ખાઓ તો મૈં ગુલમહોર કો રામરામ કર દુંગા, દાઢી પસવારતો પેલો દાઉદી વહોરો કહી બેસે છે, તેરે યે ચશ્કેલ ભેજે કો રીપૅરિંગ કરની બહોત જરૂરી હૈ. રહેવાતું નથી. બોલી ઊઠું છું, કીસકે, મેરે કે આપકે ? ફિદા મુક્તમને હસે છે.

ગુલમહોર વર્ષમાં એક જ વાર મહોરે. એમ તો આંબો, ખાખરો, કેટલાં બધાં ફૂલ ને વૃક્ષ વર્ષમાં એક જ વાર વરણાગી થાય. આંબો રાજાધિરાજ. જરા જેટલું રાજ્યાભિમાન નહિ. કેરીઓ જેટલી વધુ વળગે એટલો વધુ નમ્ર થાય, નમે. કેવા પ્રેમથી કેરી તમે જરાક ઊંચું જોયું કે મોંમાં ધરી દે !

ખાખરો આમ તો સાવ અણઘડ. પેલા લંબ કર્ણ, કેશાચ્છાદિત કોકર સ્પેનિયલ ફૂલરાના અતિલાંબા કાન ને વાળ જેવો જ સાવ રીઢો રીંછ. છતાં કેસુડાં બેઠાં કે મારા બેટાને જુવાનીનો તરવરાટ આવી જાય. કોઈ ઊંચી ટેકરીથી જંગલમાં નજર ફેરવતાં પલાસભાઈ પગ પહોળા કરેલા, હરખપદુડા થઈ હાલતા દીસે. પછી તો જે થવાનું હોય તે જ થાય કેસુડાં ઊતરે પાણીમાં પલળે, રંગરંગત જમાવે. હાથે બનાવેલ પિચકારીથી એકબીજા ખરડો 'રાજ મને લાગ્યો કસુંબીનો રંગ'. ઝવેરચંદ મેઘાણીને આવું જ કોઈ દૃશ્ય જોઈ એ કાવ્ય સ્ફૂર્યું હોય તો નવાઈ નહીં. ખાખરો આમ આદમી. એના હાલહવાલ કરીએ, અરે એનું મુંડન થઈ જાય, પેલા કોકર સ્પેનિયલ ફૂલરાની જેમ સ્થિતપ્રજ્ઞ રહે.

જ્યારે ગુલમહોર તો રાજવી મને ખાતરી છે કે કલાપીનો એ ચમચો હશે. રાજાશાહી ગઈ. એની રગેરગમાં રાજાશાહી અકબંધ છે. 'સીંદરી બળે પણ વળ ન છોડો' કહેવત અમસ્તી જ નથી આવી. હજી પણ બે ગામનો ગરાસિયો તો ઘરે ગયો, મકાનમાલિક – મુંબઈના મૃતપ્રાય મકાનોના- ની જેમ અદબસર ઊભા રહેવાનું ફક્ત કહેતો નથી, હુકમ કરે છે. કોઈ બાળકબુદ્ધિવાળું જરા અકોણાઈ કરે તો આંખ ફરેવે હવે એ આંખમાં લાલ રંગ સિવાય ક્યા રંગનું ગજાું છે કે ત્યાં સ્થાન લે !

ગુલમહોરનો પ્રેમથી ગમે એટલું ગાલિપ્રદાન થઈ જાય, પણ આખરે એ મારો જાની દોસ્ત છે. એણે ભલે એની શાદીના સમારંભનું આમંત્રણ ન આપ્યું, બંદા ત્યાં જઈ નાચશે, કૂદશે ને ગાઈ બેસશે, 'બેગાની શાદી મેં અબ્દુલા દીવાના'

ગુલમહોર જ્યારે સંપૂર્ણ મહોરી ઊઠે છે ત્યારે એનો રંગવૈભવ માણવો જીવનનું એક અણમોલ સંભારણું છે. લાલ એટલે લાલચટક. સૂર્યના તડકાની ઝીંક ઝીલે. રંગમાં જરા પણ ઝાંખપ ન વર્તાય. ઊલટાનું જાણે એનો પડકારતો હોય તેમ બોલી ઊઠે, ચરણ ચાંપી, મુછ મરડી નાગણે નાગ જવાડિયો પછી તો અઘાટ હજાર વાર રાજ કરવા ટેવાયેલો તડકો પડકાર ઝીલે. તલવારો મ્યાન ત્યજે ને ખણખણે. ફરી નરસિંહ મહેતો બોલી ઊઠે 'બેઉ બળિયા બાથે વળિયા'ને સહસ્ત્ર ફેણા ફૂંફવે જયમ ગગન ગાજે હાથિયો. છેવટે નટવર

નંદલાલે કાલિનાગને નાથ્યો તેવી જ રીતે તડકો બે પગ વચ્ચે પૂંછડી દબાવી અસ્તાચલની વાટ પકડે.

ગુલમહોરને માણવા માટે આપણે 'સમય' શબ્દ ભૂલી જવો જોઈએ. સ્થાયી ભાવ લાલ. પહેલી નજરે જ આંખને લાલાશથી એવી ભરી દે, આંખ અંજાઈ જાય ને થોડી વાર રતાશસભર જ થઈ જાય. આંખ આખરે તો આપણી વશ. એને જરાક ચાબુક ફટકારી કે પલક પહેરી સજાગ થાય ને ગોતાગોત કરતી થાય. લાલ રંગ-રતાશ-ના સામ્રાજ્યમાં જેમ કોઈ અભેદ્ય કિલ્લામાં પ્રવેશ્યા હોઈએ તે બધું અટપટું ભાસે તેવું જ અહીં થાય. આંખ આગળ આંખમીચાંમણાં ન ચાલે. એને કામે લગાડી દેવી જ જોઈએ આંખ આખરે તો આપણું અણમોલ રતન જ છે. પોતાની અસલિયત દેખાડે. લાલ રંગના હિમાલય વચ્ચે ક્યાંક કોઈ અવનવી નમણી નાજુક, ધવલ ટેકરી શોધી લે. હા, ગુલમહોરમાં ધવલ રંગ ડાહ્યોમાહ્યો થઈ, પોતાનું સ્વત્વ ગુમાવી પલાંઠીવાળી બેઠો હોય છે. એ જાણવું ને માણવું જીવનની અજરામર ઘડી છે. 'માંહી પડ્યા તે મહાસુખ માણે' ગોતાગોત કરતા રહો તો અન્ય રંગો સીધા-સાદા થઈ પંગતમાં પલાંઠીવાળી બેઠેલા દેખાય. એ બધું માણવું હોય તો વરસાદની વાટ જોવી પડે. વરસાદ વરસ્યો કે ગુલમહોર ગુલતાન થઈ જાય. જાણે આહુતિ આપતો હોય તેમ નીચે વરસી પડે. નીચે એટલે ફૂટપાથ કે રસ્તો. રસ્તા પર તો લોક ને વાહનની વણજાર એમાંથી ચંપાતા, ચુંથાતાં, ચગદાતાં ગુલમહોરને જીવન-સાફલ્ય લાધતું ભાસે. એક નવી જ રંગછટા ઊભી થાય. ક્યારેક રસ્તો એવો અદ્ભુત રંગમય થઈ જાય કે આજુબાજુનાં સર્વ તરુવરો પોતાનું સ્વત્વ, શાન, ભાન ભૂલી ગુલમહોરનો જયજયકાર પોકારી ઊઠે.

આપણે માટીપગા માણસો તો ભલે રંગવૈભવની જીકર કરીએ. ઘણી વાર સ્વર્ગમાંથી વિનસેન્ટ વાનઘોઘ મોઢામાં હુકલી ને હાથમાં કૅન્વાસ ને બ્રશ લઈ ઊતરી પડે. એની સાથે બહુધા આપણી પોતાની જ ઘર દીવડી અમૃતા શેરગિલ પણ ઊતરી પડે. ફરી વોહી બાત. રંગોનું મિશ્રણ કરતાં સમય પસાર થઈ જાય ને પેલા મહાન ચિત્રકાર વાનઘોઘને આપણી આ નાનકડી ઘરદિવડી મહાન કરે. બોલી ઊઠે, યુરોપના ઝાંખા રંગો નિષ્પ્રાણ છે. હૃદયમાં ભરો આ લાલ ભડક રંગની નૈસર્ગિક મહાનતાને. આ લાલ, પીળો ને વાદળી ભડક રંગોએ જ ભારતના અધ્યાત્મને ઉજાગર કર્યું છે. વાનઘોઘ, પીળા રંગનો સ્વામી, હરખાતો, ચલમ ચૂસતો રહે છે. બૂઢો ફિદા હુસેન ઝાડની ડાળે બેસી મરકતો રહે ને હાર ન માનવાં ઘરદીવડી પોકારી ઊઠે છે, સૌદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે. હા, હા, કરતો વાનઘોઘ અમૃતાને શરણે જાય. લાલ રંગથી કંઇક ચીતરે ને ડાળે બેઠેલ ફિદા હુસેન પોકારી ઊઠે, 'આજ સજન મોહે અંગ લગા લો, જીવન સફલ હો જાયે રે'

મો. : ૯૮૭૦૪૦૬૧૭૭

# ખાલી જગ્યા પૂરો

ગુલાબ દેઢિયા

છોકરો નાનો હતો. જરાક સમજણો થયો. ભાષા મળી. પહેલા સાંભળતો થયો. પછી બોલતો થયો. તેને મજા પડવા લાગી. વાક્યો નાનાં હતાં, સાદાં હતાં. છોકરાને ગમ્મત થઈ. બારાખડી લખતાં શીખ્યો. અક્ષરો પછી શબ્દો પછી વાક્યો આવ્યાં.

પછી અધૂરાં વાક્ય પૂરાં કરો, પ્રશ્નાર્થ વાક્ય બનાવો, કાળ બદલો, જાતિ બદલો, બધું પાર કરી એ 'ખાલી જગ્યા પૂરો'વાળાં વાક્યો લગી પહોંચ્યો ત્યારે ટચૂકડો ચમત્કાર થયો. તેનો ખાલી જગ્યાઓ દેખાવા લાગી. એ પોતે વાક્યોમાં ખાલી જગ્યાઓ ઊભી કરવા લાગ્યો, ભરવા લાગ્યો. ખાલી જગ્યાઓ તો જ્યાંથી ને ત્યાંથી એને મળવા આવવા લાગી.

વખત સાથે ઓળખાણ થઈ પછી એ દોસ્તીમાં પરિણામી. કંઈક ને કંઈક બન્યા જ કરે, બન્યા વગર તો કંઈ રહે ખરું ! એ ખાલી જગ્યા ભરવા લાગ્યો. એની પાસે હતું શું ? આમ જોવા જઈએ તો કંઈ ન હતું, ખાસ કંઈ ન હતું. એક પ્રાર્થના હતી. નાની હતી, સાદી હતી, કંઠસ્થ હતી, હૃદયસ્થ હતી. પ્રાર્થના તો નાની જ હોય ને ! એ પ્રાર્થના બધી ઘટનાઓમાં ફાવી જતી. ગોઠવાઈ જતી. એ વાક્ય છલોછલ થઈ જતું. અર્થ ઊર્ધ્વ થઈ જતો.

ખાલી જગ્યા પૂરો એ આમ જુઓ તો મજાનો ખેલ છે. ખાલી જગ્યાઓ સર્જાતી જાય છે. હું ભરતો જાઉં છું. બધામાં ફીટ બેસી શકે ને ખીલી ઊઠે એવા પ્રાર્થનાના શબ્દો જ જાદુ કરે છે. મનમાંથી ઉદ્ભવે છે એ પણ જાદુ છે. એના રૂડા પરિણામ દેખું છું એ પણ જાદુ છે. આમ તો હજી શીખું છું. શીખવું એ પણ જાદુ છે.

વાટમાં તો ખાડાટેકરા આવે, ઢાળચઢાણ આવે, તડકોચાંદની આવે; જરાક અણસાર મળે કે પેલી સાવ નાનકડી પ્રાર્થનાને ત્યાં પધરાવું. બધું ઝગમગ ઝગમગ.

કેટલાય અટપટા પ્રશ્નોના સહેલા ઉત્તરો જાણે આ પ્રાર્થનામાંથી ડોકિયાં ન કરતા હોય ! એ શબ્દો છે, મનોદશા છે કે વિચાર છે એવું એવું કહેવું; વર્ગીકરણ કરવું દુષ્કર છે. આપણને શું ? આપણને તો ટપટપથી કામ કે મમ-મમથી કામ !

મન કહો કે મગજ કહો એ પ્રાર્થનાની સંગત કરે, ગોઠડી કરે ત્યાં પછી પૂછવું કે કહેવું જ શું !

બીજી દરબારી ઈન્દ્રિયો તો જી હજૂર કહેતી ખડે પગે ઊભી જ છે. બાપુનો બોલ કોણ ઉથાપી શકે ?

હવે ચકળવકળ થતી આંખોમાં, શ્વાસના લયમાં, નાડીના ધબકારમાં, દોડતાં, ચાલતાં, થાકતાં ચરણની ગતિમાં, ઈચ્છાઓની ધોધમાર મતિમાં પેલી સરળ, સહજ, નાજુક, નમણી, નમ્ર, ગુણસભર પ્રાર્થના પરોવી દીધી છે. એ એનું કામ કર્યે જાય છે. આપણે તો ખેલ જોવાનો છે. રાસ ચાલે છે.

હવે પેલો તોરીલો સમય, ચતુર ઈચ્છાઓ, અપાર પરિસ્થિતિ, કાર્યોના કબીલાઓ, મતમતાંતરો બધું જ રૂડું લાગે છે, સહ્ય લાગે છે.

હા હજી ભૂલો થાય છે, થવાની. આરોહ અવરોહ પછી સમ પર આવવા પેલું સ્મરણ ખપ લાગે છે. ઉધામા શમી જતા લાગે છે. પાછા માથુંય ઊંચકે છે ! કેડી અને મેડી પરચા તો દેખાડે ને !

શરદની સાંજે ગુલાબી વાદળીઓને દેખી ભાવ જાગે છે. ક્યાંક કૂંપળ ફૂટે છે. ગુફ્તેગુ ચાલે છે. સંવાદ અશબ્દ છે.

મધુર કવિતાઓ સાંભરે છે. એકાંત કે બજારમાં ઝાઝો ફેર નથી પડતો. મગજના હુકમ બદલવાના છે. પરિસ્થિતિ બદલવાનું તો આપણું ગજું ક્યાં ?

કંઈ જ કરવું નથી પડતું. મગજ ઠેકાણે તો બધું ઠરીઠામ. એક ચાંપ શું કરી શકે તે હવે સમજાય છે.

ખાના પાડવાનું ઘટતું જાય છે, સાવ અંત નથી આવ્યો, આવશે, નહિ આવે તોય શું ? ખાનાની બહાર ઘણું છલકે છે. મહેકે છે. આ અદીઠ સૌરભને ક્યા ખાનામાં મૂકવી!

ચાંપ દરવાજો ખોલે છે, દરવાજો અંદર ખૂલે છે. પરિસ્થિતિ બહાર ઊભી છે. બચપણમાં સાંભળેલું એક નામ યાદ રહી ગયું છે.

અમારા ગામમાં એક જ માણસનું એ નામ હતું. બહુ મીઠડું નામ છે. નામ હતું આત્મારામ. 'આત્મારામ, ક્યાં છો ?' 'આત્મારામ અહીં આવજો.' 'આત્મારામને પૂછો,' આવાં આવાં વાક્યો આજે ફરીથી મનમાં જાગે છે, ખરી મજા છે.

પરિસ્થિતિ બહાર ઊભી છે ને આત્મારામ તો અંદર છે.

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

# ઉઘડ દ્વાર દેવા

✲ CA સંજય વિસનજી છેડા ✲

**૧૯૬૮માં રિલીઝ થયેલી ''આમહી જાતો આમચ્યા ગાવી''** ફિલ્મનું આ ભજન. **સુધીર ફડકે**ના સ્વર અને સંગીત સાથે **ગીતકાર જગદીશ ખેબુડકર**ના આ ભજને ભાષાની તમામ સરહદો પાર કરી છે અને આજે પાંચ દાયકાનાં વહાણાં વીતી ગયાં પછી પણ આ ભજન એટલું જ કર્ણપ્રિય, એટલું જ પ્રચલિત છે. પગદંડી વાંચનાર વર્ગમાં એવું કોઈ ભાગ્યે જ હશે જેણે **''દેહા ચી તિજોરી'' કે ''ઉઘડ દ્વાર દેવા''**, આ શબ્દો સાંભળ્યા ન હોય.

પગદંડીમાં તેમ જ ફેસબુક પર મેં ઘણી વાર ફિલ્મી ગીતો સહિતનો અર્થવિસ્તાર કર્યો છે અને હું હંમેશાં માનું છું કે સારી વાત ગમે તે ભાષા, ગમે તે ધર્મમાં, ગમે તે સ્વરૂપે મળે, એને આવકારી, સ્વીકારી આપણા જીવન, આપણા વિચાર અને આપણા આચરણમાં ઉતારવી જોઈએ અને એટલે આજે આ મરાઠી ભજનને જાણવા અને માણવાનો પ્રયત્ન કરીએ.

૧૯૬૮ની આ ફિલ્મ છે એક ઈમાનદાર, અજાતશત્રુ એવા શ્રીધર પંતના જીવન પર.

પંતનો સ્વભાવ સરળ તથા શાંત અને એટલે એમણે મૂકેલા વિશ્વાસનો ગેરફાયદો ઉઠાવી એમનો ભાગીદાર શામરાવ ખાપરટોંડે, દગા અને છળકપટથી, શ્રીધર પંતની તમામ મિલકત પોતાના નામે કરી લે છે. ઉપરથી આ કપટી શામરાવ પંતની દીકરીનાં લગ્ન પોતાના મંદબુદ્ધિ છોકરા સાથે કરાવવા પંત પર દબાણ કરે છે. એક તરફ આ બધી તકલીફો અને બીજી તરફ સંતાજી, ધનાજી અને સયાજી નામે ત્રણ રીઢા ગુનેગાર જેલમાંથી છટકી પંતને ઘરે આવી ચડે છે. પંતની સંપત્તિ હડપવાના આશયથી આવેલા આ ત્રણ ગુનેગારો પોતાની જાતને જાત્રાળુ જણાવી પંતને ઘરે આશ્રય મેળવે છે.

પંતની રોજિંદી ભક્તિ, સાધના સમયનું આ ભજન જ આ રીઢા ગુનેગારોને સાચી સમજ આપી. સાચા રસ્તે લઈ જવામાં અગત્યનો ભાગ ભજવે છે અને છેવટે બધું હેમખેમ પાર પડે છે. ચાલો આ સુંદર ભજનને મમળાવીએ. એમાં રહેલ ગૂઢ અર્થને સમજીએ, સ્વીકારીએ અને પ્રદેશ, પ્રાંત અને ભાષાથી પર થઈ આ મરાઠી ભજનમાં રહેલ રત્નોથી આપણું જીવન શણગારીએ.

***દેહા ચી તિજોરી, ભક્તિ ચાચ ઠેવા***
***ઉઘડ દ્વાર દેવા, આતા ઉઘડ દ્વાર દેવા***

શરીરની તિજોરી, ભલે કાચી હાડ અને ચામથી બંધાયેલ આ તિજોરી અને એમાં મૂડી કહો કે સંપત્તિ કહો કે માલ-મિલકત જે પણ છે તે બસ સેવા, સત્કર્મ, સદ્‌ભક્તિ, સદ્‌બુદ્ધિ. અને એટલે પરમ પિતાને એટલી જ અરજ, એટલી જ વિનંતી કે આ તિજોરી થાકે, હારે, તૂટે કે એનાં બંધન છૂટે એ પહેલાં પોતાની કરુણાના દ્વાર ખોલી, ભક્તનો અને પરમપિતાએ આપેલ તિજોરીમાં સંઘરેલી મિલકત પોતાની પાસે જમા કરી લે. પારણાંથી શરૂ થતી અને સ્મશાનના બારણાં પર પુરી થતી યાત્રા અને આ યાત્રામાં માણસ પોતાના માથે અને આત્મા પર કેટકેટલાય બોજ ઉમેરતો જાય, વધારતો જાય અને એ બોજ તળે યાત્રાની મજા તો મરતી જાય, સાથે પીડાઓ અને વ્યાધિઓ વધતી જાય. જે ખરેખર સાથે લઇ જવાનું હોય. એની કોઈ વાત નહિ અને જે સાથે નથી આવવાનું, એ સતત ભેગું કરતું જવાનું. દેહની આ તિજોરી ઈશ્વરે શેના માટે આપી છે, એ વિષે કંઈક તો વિચારો. ક્યાં સુધી આ તિજોરીને બસ કાગળ, ધાતુઓ અને પથ્થરોથી ખડકતા રહેશો.

***પીતે દૂધ ડોળે મીટુની, જાત માંજરાચી***
***મની ચોરટાચયા કા રે ભીતિ ચાંદનાણ્યાચી***
***સરાવલયા હાથાના હી કંપ કા સુટાવા***

આ જગતમાં ફિલ્મના મુખ્ય પાત્ર પંત જેવાં પાત્રો ગણ્યાંગાંઠ્યાં છે. આપણા પોતાના આખા આયુષ્યમાં મળેલા લોકોની યાદીમાં સાચા અને સારા માણસોની યાદી બનાવો તો આંગળીનાં વેઢાં બસ થઈ રહે. એ જ રીતે, આ જગતમાં ખરાબ લોકો પણ એટલા બધા નથી જેટલા હું કે તમે માનો છો. આખા વિશ્વમાં સૌથી મોટી બિરાદરી છે, આ સારા અને ખરાબ વચ્ચે અટવાતા, અથડાતા ત્રીજા પ્રકારના લોકોની.

આ ભજનમાં પણ વાત છે માત્ર બોર્ડર લાઈન પર બેઠેલા લોકોની. જે સારા હોવાનો મહિમા જાણે અને છતાં સંજોગ, પરિસ્થિતિ, તો ક્યારેક સ્વભાવ તો ક્યારેક અહમ્‌ને કારણે ખરાબ રસ્તે ચાલી નીકળે છે. બિલાડીની જેમ પોતે ખોટું કરતા હોવા છતાં આંખ બંધ કરી પોતાને કોઈ જોતું નથી એ ભ્રમણા સાથે પોતાની જાતને પણ છેતરવાની ચેષ્ટા કરતો આ માનવ, આ ખરાબ કામ કરી રહેલ માણસ ખરાબ નથી, બસ ક્યાંક રસ્તો ભૂલ્યો છે, ક્યાંક ખોટા વાદે ચડ્યો છે. ક્યાંક સંજોગો કે પરિસ્થિતિથી વિવશ છે. ખોટું કામ કરતા કરતા એને અજવાળાંની, પોતાની ભીતર રહેલ તેજની સતત બીક છે. ગમે એવા કાબેલ અને પારંગત એ હાથ, ખોટું કામ હાથમાં લેતા, કરતા કાંપે છે, ધ્રૂજે છે, થરથરે છે. કોઈ જુએ ન જુએ, પણ એની પોતાની ભીતર રહેલ અંતરાત્માથી એ ન છુપાઈ શકે છે, ન નજર મિલાવી શકે છે

***ઉઝેડાત હોતે પુણ્ય, અંધારાત પાપ***
***જ્યાચે ત્યાચે હાતી આહે કર્તવ્યાચે માપ***
***દૃષ્ટ દુર્જનાચી કૈસી ઘડે લોક સેવા***

બિલાડીની જેમ આંખ બંધ કરી પોતાની દુનિયાને નાનકડી કરી, એમાં અંધારું માની લઇ કોઈ ખોટું કે ખરાબ કામ કરનાર તેજથી, પ્રકાશથી દૂર ભાગે છે. એ પ્રકાશ, જે એને કંઈ પણ ખરાબ નહીં કરવા દે, ક્યાંય રાહ ભટકવા નહીં દે અને આ એકદમ સાચા નહિ, એકદમ ખોટા નહિ, એવા આ ત્રીજા પ્રકારના લોકો, કંઈક ખોટું કરતી વેળા આ તેજથી દૂર ભાગવા માંગે છે. પણ આ તેજ એમની ભીતર છે, એમના અંતરમાં છે. રોજ પોતાનાં કર્તવ્ય. પોતાની ફરજ, પોતાની જવાબદારીઓની તુલામાં જોખીજોખી જીવતા આ લોકો. નહિ એકદમ સાચા, નહિ એકદમ ખોટા. સાચા ખોટાની વાડ પર, સીમા પર બેઠા આ લોકો, સેવા કરવા માંગે છે, સત્કર્મ પણ કરવા માંગે છે. પણ પોતે ખોટું કર્યું હોય, ખોટી રાહ પર ભટકી ગયા હોય, ત્યારે એમનો અંતરાત્મા ડંખે અને એમને સાચી રાહ પર પાછા ફરવા મજબૂર કરે.

***સ્વાર્થ જણું ભીંતી વરચા આરસા બિલોરી***
***આપુલીચ પ્રતિમા હોતે આપલીચ વૈરી***
***ઘડોઘડી અપરાધા ચા તોલ સાવરાવા***

સ્વાર્થ માણસનો સૌથી મોટો શત્રુ. આ સ્વાર્થ અને સામે છેડે અંતરાત્મા એટલે દીવાલ પર લાગેલ અરીસો. સ્વમાં રચ્યા-પચ્યા રહેતા માણસને બહાર કાઢનાર પણ સ્વ જ છે. પોતાની ભીતર લાગેલા આ અરીસામાં પોતાની પ્રતિમા, પોતાનું સ્વરૂપ જોઈને પોતાની વિરુદ્ધ જ જંગ છેડનાર આ માણસ. પળેપળે પોતે કરેલ અપરાધનું વજન એના અંતરાત્માને કોરી ખાય અને એ પરમપિતા પાસે રડી ઊઠે કે સાચા અને ખોટા વચ્ચે બેલેન્સ રાખવામાં હું ક્યાંય ગોથું ન ખાઈ જાઉં. એ પરમાત્માને એટલી જ પ્રાર્થના કે મારા કપરા સમયમાં મને સદ્‌બુદ્ધિ આપજો જેથી મારાથી કોઈ ખોટો નિર્ણય, કાંઈ ખોટું પગલું ન ભરાય.

***તુઝયા હાતી પાંડુરંગાચી તિજોરી ફુટાવી***
***મુક્તપણે ભક્તિ માઝી તુઝી તું લૂંટાવી***
***માર્ગ તુઝા રાઉલાચા મલા આકલાવા***

રોજ અંતરની અંદર લડતા સચ્ચાઈ અને ખોટાઈના બે આખલાની વચ્ચે પોતાની આસ્થાને માંડમાંડ બચાવી રાખતા દરેક માનવની ઈશને એ જ પ્રાર્થના. એ પરમ કૃપાળુ દાતાએ આપેલી આ તિજોરી. એ ઈશ્વરના હાથે જ ખૂલે અને ભવોભવની આ પળોજણ, આ દ્વિધા, આ વિટંબણામાંથી ઈશ્વર જ બહાર લઇ આવે. ભીતર રહેલ ભક્તિનો ભંડાર, એ ઈશ્વરનાં ચરણોમાં લૂંટાવી દેવા તલપાપડ આ માનવ. આંખ પર કેટકેટલા પાટા બાંધી પછી હરિનો માર્ગ શોધનાર, છેવટે હરિને જે પ્રાર્થના કરે કે તારા સુધી પહોંચવાનો માર્ગ તું જ દેખાડ પ્રભુ.

***ભલેપણા સાઠી કોની બુરેપણા કેલા***
***બંધનાત અસુની વેડા જગી મુક્ત ઝાલા***
***આપુલ્યા ચા સૌખ્યાલાગી કરીલ તો હેવા***

ક્યારેક કંઈક સારું કરવા જતા કંઈક ખોટું થઇ જાય. કોઈની ખુશી માટે, કોઈના સારા માટે, થોડું ખોટા રસ્તે વળવું પડે અને એ ક્ષણે પોતાના સાચા-ખોટાનો જે માણસ જાતે તોલમાપ કાઢી લે, એના માટે એ ઘડી, એ ક્ષણે, તમામ બંધન છૂટી જાય અને શક્ય છે કે એ માનવ ભવોભવના ફેરામાંથી પોતાના માટે મોક્ષ તરફનો માર્ગ શોધી લે. પોતાની ભીતર રહેલ આ તેજ, આ જ્ઞાન, એને જીવનની તમામ પળોજણમાંથી મુક્તિનો રસ્તો બતાવી દે.

આ મીઠા, મધુરા, કર્ણપ્રિય ભજનમાંથી સુંદર બોધ મેળવી આપણે સૌ પણ આપણા પરમપિતાનો પ્રાર્થના કરીએ કે લાખ ચોર્યાસીના ફેરાઓમાં બહુ ભટક્યા. હવે તો અમને તારું શરણું આપી દે, તારાં ચરણે બેસાડી દે. દેહની આ તિજોરી, સતત જીર્ણ થતી જતી હોય ત્યારે આ તિજોરીમાં સંઘરી રાખેલી બધી મૂડી, જીવનભરની આ ભક્તિ, તારાં ચરણે સોંપવી છે, માટે પ્રભુ, ''દ્વાર ખોલો, હવે તો દ્વાર ખોલો''.

***ઉઘડ દ્વાર દેવા, આતા ઉઘડ દ્વાર દેવા.***

અસ્તુ

રતાડિયા ગણેશવાલા
મો. ૯૮૯૨૮૧૫૩૬૭

## મુલચંદ લાલજી એન્ડ કંું.

## MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# 'ઘુમક્કડી દિલ સે'વાળા કિશનભાઈની મુલાકાત

જ્યોતિ મોતા

ગતાંકથી ચાલુ... તા. ૨.૧.૧૯

બહાર નીકળી કે ફરી કિશનભાઈનો ફોન આવ્યો અને એમણે કહ્યું કે, મારે એમને બાબુઘાટ પર મળવું. કિશનભાઇએ ફોન પરની પહેલી મુલાકાતમાં જ કલકત્તાની ઘુમક્કડી કેવી રીતે કરવી, ક્યાંથી કઈ બસ પકડવી, ક્યાં જવું, કેવી રીતે જવું, તેનું લાંબુંલચક ભાષણ મને આપી દીધું. હું બિચારી આ નવા શહેરની આંટી-ઘૂંટી-ગલીઓ વિશે કશું ના સમજી શકી પણ હમણાં મારે બસ પકડી હુગલી કાંઠે બાબુઘાટ પહોંચવાનું હતું. ચીંધેલા રસ્તા પરથી બસ પકડી પહોંચી બાબુઘાટ.

**બાબુઘાટ - કલકત્તા અને હુગલી** બચપણથી દિલમાં વસેલાં. ભૂગોળના પુસ્તકમાં કલકત્તા વિશે અનેક વાર વાંચ્યું હતું. રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ - આ બધાં મારાં આત્મીય પાત્રો, કલકત્તાના ભૂતકાળનો ભવ્ય ઇતિહાસ નજર સામે તરવરી ઊઠ્યો. બાબુઘાટ પર હુગલી નદીના કિનારે-કિનારે આગળ વધતી રહી. આ બાબુઘાટ અહીંનો મિટિંગ પોઈન્ટ કહેવાય, એટલે હંમેશાં ભીડભાડ હોય. કિનારાની ગંદકી મને મારા મુંબઈના દરિયા કિનારાની યાદ અપાવી ગઈ. આ ઘાટનો ઉપયોગ મૂર્તિઓ, ગરબા અને ફૂલહાર તારવા માટે થાય છે. દુર્ગા-સરસ્વતી અને છઠ્ઠપૂજા, મૂર્તિ વિસર્જન, ધાર્મિક સમારોહ અને પૂજારીઓના અતિક્રમણથી આ ઘાટ બદતર બનતો જાય છે.

આ ઘાટનું બીજું સુંદર રૂપ દૂર નદી ઉપર લટકતો થાંભલા વગરનો હાવડા પુલ, સામે કિનારે બેલુર મઠ અને દક્ષિણેશ્વર મંદિર દેખાતાં હતાં. ત્યાં જવા હૃદયમાં અજબની હલચલ મચી ગઈ. ત્યાં જવા માટે અહીંથી ફેરી સેવા પણ ચાલુ હતી. મન તો થયું કલકત્તાના બાબુ આવે ત્યાં સુધી ત્યાં લટાર મારી આવું, પણ કલકત્તાના એક બાબુને જેમને પહેલી વાર મળી રહી હતી તેમનો આમ રાહ જોવડાવવી સારું ન લાગે, માટે કિનારા પર જ લટાર મારવા નીકળી. એ આવે ત્યાં સુધી આ કિનારા પર આવેલ **બી.બી.ડી. બાગ, સ્ટ્રેન્ડ રોડ** જેવી સુંદર જગ્યાઓ જોઈ આવી. આગળ જતા ગ્રીક શૈલીના વિશાળ સ્તંભો પર ઊભેલો મંડપ જોયો. આ **બાબુઘાટ રાજચંદ્રબાબુ**ની યાદમાં બનાવવામાં આવેલ છે. અહીં પ્રકૃતિની શોભા અકબંધ છે. નદીના ઘાટ પર બધી

જગ્યાએ પૂજારીપંડાઓ ફુલહાર, ધૂપ-દીપ, મટકા, લઈને બેઠા હતા. લોકો એમની પાસે પૂજા કરાવી રહ્યા હતા. આ સુંદર ઘાટને કદરૂપો કરવામાં આ લોકોનો ફાળો પણ મોટો છે.

હું આ બધી જગ્યાઓ ફરી ચૂકી અને મારી રાહનો પણ અંત આવ્યો. એક રૂપકડા યુવાન ગૉગલ્સ, ટીશર્ટ અને જીન્સમાં સજ્જ રિક્ષામાંથી નીચે ઊતર્યા અને અભિવાદન કર્યું. આ હતા અમારા 'ઘુમક્કડી દિલ સે' ટ્રાવેલ ગ્રુપના સદસ્ય અને ઍડમીન કિશન બાહેતીજી. મને મારી ઘુમક્કડીમાં મળનાર ગ્રુપના પાંચમા સદસ્ય. મિલનસાર, હસમુખ અને રમૂજી સ્વભાવના કિશનજીને મળી મારો થોડો સંકોચ હતો તે પણ દૂર થઈ ગયો. થોડી ઔપચારિક વાતો થઈ.

''યહાં સે હમ વિક્ટોરિયા ગાર્ડન ચલતે હૈ, વહાં સે વિક્ટોરિયા મેમોરિયલ. ટ્રામ ભી હમેં વહીં સે દેખને મિલ જાયેગી. હમ યહાં સે યહાં કી પ્રખ્યાત પીલી ટેક્સીમેં ચલેંગે.''

ભાવતું હતું અને વૈદે કહ્યું. થોડા જ કલાકોમાં તો બીજી વાર પીળી ટૅક્સીમાં બેઠી!

કિશનબાબુએ હવે બાબુની સ્ટાઈલમાં પોતાના કલકત્તાની વાતો શરૂ કરી. મારા આભાસી (વર્ચ્યુઅલ) મિત્ર જાણે બહુ વર્ષોથી મારા પરિચયમાં હોય તેવા મિત્રની જેમ કલકત્તાનો પરિચય કરાવી રહ્યા હતા. એક સ્થાનીય મિત્ર સાથે કલકત્તાને નજીકથી જોવા મળે એનાથી ઉત્તમ બીજું શું હોઈ શકે ? અમે અહીંથી ત્રણ કિલોમીટર દૂર એક મેદાન પાસે ઊતર્યા. અહીં થોડી પ્રાચીન ઈમારતો જોઈ.

**શહીદ મિનાર :** બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના મૅનેજર જનરલ ડેવિડ ઓચટરલોની યાદમાં ૧૮૨૮માં આ સ્મારક બનાવવામાં આવ્યું. ૧૮૦૪માં મરાઠાઓ અને નેપાલી સાથેના યુદ્ધમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની જીત થઈ. આ યુદ્ધ 'ગોરખા યુદ્ધ'તરીકે પણ જાણીતું છે. આ સ્મારકના ડિઝાઇનર જે.પી. પાર્કર હતા. આ મિનાર ૪૮ મીટર (૧૫૭ ફૂટ) ઊંચો છે. એની નીંવ મિશ્ર શૈલીની, સ્તંભ શાસ્ત્રીય વાસંળી આકારનો, ઉપરનો ભાગ સિરિયાઈ અને ગુંબજમાં તુર્કી એમ ચાર શૈલીઓનું આયોજન કરવામાં આવેલ છે. ઉપર જવા માટે સર્પાકાર સીડી અંદરથી બનેલી છે. ૨૨૩ પગથિયાં છે. આ મિનાર એક વિશાળ મેદાનથી ઘેરાયેલ છે. આ મેદાન શહીદ મેદાન અથવા બ્રિગેડ મેદાન કહેવાય છે. રાતના સમયે રોશનીદાર મિનાર ખૂબ જ સુંદર લાગે છે. મિનાર જોઈ મેદાનની બહાર આવી બીજી ટૅક્સી પકડી. અહીંથી વિક્ટોરિયા ગાર્ડન પાસે ટૅક્સી ઊભી રાખી. પીળી ટૅક્સી સાથે ફોટા પડાવ્યા.

આગળ વધ્યા. મોટા વિશાળ રસ્તા, વિસ્તૃત મેદાન જોઈને લાગ્યું કે હું ફોર્ટ વિસ્તારના ક્રોસ મેદાનમાં આવી ગઈ છું.

કિશનભાઈએ મને નીચે પાથરેલા પાટા બતાવી કહ્યું કે, આ રસ્તેથી હમણાં ટ્રામ પસાર થશે. ટ્રામ! એક પરીકથા જેવું લાગતું જ્યારે પણ આ ટ્રામ વિશે સાંભળતી કે વાંચતી. મને થયું કોઈ વિદેશની ધરતી પર ફરી રહી છું. આજે ટ્રામનો પણે સાક્ષાત્કાર થવાનો હતો.

**ટ્રામ :** નાની હતી અને કૉલેજકાળમાં આવી ત્યાં સુધી મુંબઈના રસ્તાઓ પર ડબલડેકર બસોની મુસાફરીનો રોમાંચ માણ્યો છે. એવો જ રોમાંચ કદાચ ટ્રામનો પણ હોય. ડબલડેકર બસ હવે લુપ્ત પ્રાયઃ થઈ ગઈ છે તેમ આ ટ્રામનું ભવિષ્ય પણ ધૂંધળું છે. કિશનભાઇએ રસ્તા પર મુસાફરોને ઊભેલા જોઈ કદાચ ટ્રામનો સમય જાણી લીધો હોય એટલે ત્યાં જ ટૅક્સી ઊભી રખાવી દીધી. ખુલ્લા મેદાનમાં અમે ફોટોગ્રાફી કરી રહ્યા હતા કે સામેથી ટ્રામ આવતી દેખાઈ! ફરી અમે પાટા પાસે આવી ગયા. બે ડબ્બાની બસ કહો કે ટ્રામ....! જોઈને હું તો ઊછળી પડી! માથેરાનમાં ચાલતી ટૉય ટ્રેન જેવી ટ્રામ. નાની નૅરોગેજ પટરી પર ધીમેધીમે દોડતી ટ્રામમાં બેસવાનો મોકો તો ન મળ્યો, પણ બે-ચાર ફોટા તો પાડી જ લીધા. થોડા ગાળામાં બે અનોખાં વાહનોને જોવાનો અને બેસવાનો આનંદ ઉઠાવ્યો.

૧૯૦૨માં ભારતનો આ બીજો સૌથી જૂનો ઇલેક્ટ્રિકલ ટ્રામ રસ્તો છે. (પહેલો ટ્રામરોડ ચેન્નઈમાં છે.) કલકત્તાની ૨૮ કિલોમીટર લાંબી સડકો પર ૨૫૭ ટ્રામ ૧૫૦૦૦ સવારીઓની દૈનિક હેરાફેરી કરે છે. શરૂઆતમાં આ ટ્રામને ઘોડાથી ખેંચવામાં આવતી હતી. કલકત્તાના અનેક રસ્તાઓ પર ટ્રામના પટ્ટાઓનું મોટું જાળું ફેલાયેલું જોવા મળે છે. અનેક મુશ્કેલીઓ ઊભી થતાં હવે આ ટ્રામ નો રસ્તો નાનો કરી દેવામાં આવેલ છે. આ ટ્રામની કહાની ઘણી મોટી છે. ટ્રામનો આનંદ લઈ અનોખા રોમાંચ સાથે હું પહોંચી **વિક્ટોરિયા ગાર્ડન.** આ પાર્ક ૬૪ એકરમાં ફેલાયેલો છે. અહીં ૨૧ માળીઓ કામ કરે છે. આટલો મોટો બગીચો હમણાં ફરી શકાય તેમ ન હતું. વિક્ટોરિયા મેમોરિયલ પણ આ જ પાર્કમાં સ્થિત છે. મારે ત્યાં જવું હતું. મારે ત્યાંથી હું બસ દ્વારા જઇ શકીશ એમ કિશનભાઇએ સૂચન કર્યું અને કહ્યું કે મારે પહેલા રહેવા માટેનું સેટિંગ ક્યાં કરવું તે જોઈ લેવું અને સમય બચે તો સાંજના વિક્ટોરિયા મેમોરિયલ જોવા આવી જવું.

અહીંથી રીક્ષા કરી અમે નિમેશભાઈએ બતાવેલી જગ્યા ભવાનીપુર પહોંચ્યાં.

''કોલકાતા ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘ'' નિર્મિત શ્રી શીતલનાથ જિનાલય પહોંચ્યાં. ભગવાનનાં દર્શન કરી બહાર નીકળી પાસે આવેલ ધર્મશાળામાં ગયા ત્યાં પૂછતાં ખબર પડી કે અહીં તો બધા રૂમ ભરેલાં છે અને એકલી વ્યક્તિને તો તેઓ ત્યાં રૂમ આપતા નથી. હું થોડી નિરાશ થઈ. આવતી કાલે જોયું જશે એમ વિચારી અમે પાછાં ફર્યાં.

આટલું ફર્યાં બાદ થાક્યાં હતાં. થોડી વાર બેસીની એકબીજાં સાથે વાત કરવી જોઈએ એટલે કિશનભાઈનું 'કૉફી વીથ કિશન'નું આમંત્રણ મળ્યું. પાસે આવેલ એક રેસ્ટોરન્ટમાં અમે અડ્ડો જમાવ્યો. બ્લૅક ટીશર્ટ, જીન્સ અને (જી.ડી.એસ.) ઘુમક્કડી દિલ સે કૅપ સાથે આમારું સેલ્ફી સેશન ચાલ્યું. આપેલ ઑર્ડર ટેબલ પર આવે ત્યાં સુધી અમારી ઘુમક્કડીની વાતો શેયર થઈ. હું કિશનભાઈને જી.ડી.એસ. વોટ્સએપ ગ્રુપથી જાણતી હતી. એ કિશનભાઇએ એ સમયે મને ઇન્ડિક એપ દ્વારા હિન્દી ટાઈપિંગ કેમ કરવું તેની ટેકનિકલ માહિતી આપી. એમની સાથેનો ઔપચારિક સંકોચ તો ફોન પર વાત કરી ત્યારે જ જતો રહ્યો હતો. તેમણે ઉત્તર પ્રદેશ અને ભારતનાં અન્ય રાજ્યો તેમ જ નેપાલની ઘુમક્કડીના પોતાના અનુભવો શેયર કર્યા. મારી ઘુમક્કડીની વાતો પૂછી.

હું હમણાં સુધી તેમને ઘુમક્કડી પરિવારના સદસ્ય અને ગ્રુપના ઍડમીન તરીકે ઓળખતી હતી. તેમને મળ્યા બાદ જાણ્યું કે તેઓ એક ઘુમક્કડ મિત્રની સહાય માટે હંમેશાં તૈયાર એવા સજ્જન પણ છે. તેમના રમુજ વ્યક્તિત્વનો પરિચય તો મને અહીં ત્રણ દિવસના રોકાણ દરમિયાન થતો રહ્યો. બે દિવસમાં એમનો થોડો સમય મારી સાથે ફરવામાં પણ મળ્યો ત્યારે તેમના સરળ, સહજ અને સાલસ વ્યક્તિત્વનો ખયાલ આવ્યો. કલકત્તાથી ગયા બાદ મારી ઘુમક્કડી વિશે તેમણો સરસ મજાનો આર્ટિકલ લખી ''ઘુમક્કડી દિ સે'' ગ્રુપમાં પોસ્ટ કરી દીધો.

અમારી વાતો ચાલુ હતી ત્યાં બે મોટા ગ્લાસ મઘમઘતી, ગરમાગરમ કૉફીના આવ્યા. સાથે ગરમાગરમ નાસ્તો પણ! વાઉવ! કૉફી પણ જ્યૂસના ગ્લાસ જેટલા મોટા ગ્લાસમાં મળે? છલોછલ ગ્લાસ ભરેલ કૉફી હું પી શકીશ કે કેમ એનો સંકોચ પણ હતો. વાતાવરણની ઠંડી અને જી.ડી.એસ. મિત્રોનું મિલન આ બે બહાનાં આટલી કૉફી પૂરી કરવા માટે પુરતા હતાં. મારો આગળનો કલકત્તા ફરવાનો કાર્યક્રમ તેમણે બનાવી આપ્યો. ફટાફટ બધું સમજાવી અને પૂછી લીધું.

''આપ સમજ ગઈ?'' હું એમને તાકતી રહી!

''આપ સમજી?'' એમણે મને મીઠો ઠપકો આપ્યો.

''.. નહિ ભૈયા મૈં નહીં સમજી...!'' મારે એમને કહેવું પડ્યું.

''આપ મુજે લીખકે યા  રેખાચિત્ર બનાકે દીજીયે. યા ધીરે સે બતાઈયે.''

''ચલો મૈં આપકો છોડ હી આતા હું.

આપકો જબ જહાં જાના હોગા મૈં ડાયરેક્ટ કર દુંગા.''

એમના આવા રમૂજી સ્વભાવનો પરિચય હજી બે દિવસમાં મારે થવાનો બાકી હતો. અહીંથી હવે મારે કચ્છીભવન અને તેમને પોતાની દુકાને જવાનું હતું. રિક્ષા કરી મને કચ્છીભવન પહોંચાડી પોતે આગળ નીકળી ગયા. કિશનભાઇની આ પહેલી મુલાકાત રોમાંચક રહી.

રૂમમાં જઈ, ફ્રેશ થઈ, ગરમ કપડાં સાથે લઈ ફરી નીચે આવી. અટપટી ગલીઓમાંથી પસાર થતી આજુબાજુ કોઈ ગેસ્ટ હાઉસ કે ધર્મશાળા હોય તો તે પણ જોતી આગળ વધતી રહી. આસપાસ રહેવાના બીજા કોઈ વિકલ્પો છે કે નહીં એ વિશે બે-ચાર જણને પૂછ્યું એક ભાઈએ રસ્તો ચીંધી બાજુની ગલીમાં એક ધર્મશાળા છે, એવું કહ્યું. મનેં આશા  બંધાણી.

બે ગલીઓ છોડી આગળ વધી. ત્યાં જમણી બાજુ લોહાણા ભોજનાલય એવું વાંચ્યું. ત્યાં આવી મોટા દરવાજા પાસે લુહાણા ધર્મશાળા લખેલું જોયું. આ ગલીમાં ઓછી અવરજવર હોવાથી એ સુમસામ જણાતી હતી. મોટા દરવાજામાં દાખલ થઈ. આસપાસ કોઈ ન દેખાયું. કાર્યાલય પહોંચી. ત્યાં એક ગુજરાતી કાકા બેઠા હતા. તેમને મેં નમસ્તે કહીને બધી વાત જણાવી. એકલી છું, બે દિવસ રોકાવાનું છે. એક રૂમ મળે તો સારું. ઉપરના માળે ઓરડાઓ હતા. પણ તે લગ્ન અને અન્ય પ્રસંગે અપાતા હોવાથી ત્યાં મને જગા ન મળી. એમણે કહ્યું કે, અહીં એક કૉમન હોલમાં પલંગ અને પથારીઓ મુકેલ છે. ચાર-પાંચ  યાત્રિકો ત્યાં છે. તમે મહિલા છો. તમને ત્યાં ફાવશે કે નહીં? છતાંય જોઈ લ્યો. હું હોલમાં ગઈ. ડૉરમેટરીની જેમ ત્યાં અનેક પલંગો ગોઠવેલા હતા. લાકડાના પાર્ટિશનની પાછળ મહિલાઓ માટે ચાર પલંગ હતા. એક બેડના ૨૦૦ રૂપિયા હતા. સામાન મૂકવા ટેબલ નીચે કબાટ પણ હતો. મારે મારો સામાન મૂકી મોડી રાત્રે પાછા ફરવાનું હોવાથી વધુ વિચારવાનો કે બીજી જગ્યા શોધવાનો સમય કે અર્થ નહોતો. મારે તો અહીં ફક્ત રાત ગુજારવી છે એ વિચાર કરી ત્યાં રહેવાની મેં હા પાડી. ગુજરાતી ધર્મશાળા હોવાથી મારા માટે વધુ સુરક્ષતિ સ્થાન લાગ્યું. હું આવતી કાલે સવારે આવીશ એવું  કહી બહાર આવી અને વિક્ટોરિયા મેમોરિયલ જવા બસ પકડી.

ક્રમશઃ

મો. ૯૯૩૦૫૦૮૪૦૭

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્ય-અમૃતની આ કટારમાં સાહિત્યની ઉત્તમ કૃતિઓનું આંશિક આલેખન કરતાં કૃતિની પ્રવાહિતા અને કટિબદ્ધતા જાળવવાના હેતુ સાથે આલેખકની ટિપ્પણીઓ અને મંતવ્યો આપતાં કૃતિનું સમગ્રતયા વાચક સાથે અનુસંધાન નિર્માણ પામે અને એ રીતે આપણા ઉત્તમ સાહિત્યનું વાચક સાથે અનુસંધાન સર્જાય એવો એક પ્રયાસ છે.

છેલ્લા કેટલાક સમયથી આપણે શ્રી ભોળાભાઈ પટેલના પુસ્તક 'દેવોની ઘાટી'ને માણી રહ્યા છીએ. કેવું અનોખું પુસ્તક! અને ભોળાભાઈ! અદ્વિતીય. છેલ્લા થોડા દાયકાઓમાં ગુજરાતી સાહિત્યમાં એમની સમકક્ષ હોય એવું ભાગ્યે જ કોઈ છે અને એ અદ્વિતાય સાહિત્યકાર એટલા જ નમ્ર હતા, સૌમ્ય હતા અને એટલા જ મિલનસાર.

'દેવોની ઘાટી' આમ તો છે એક પ્રવાસકથા, પણ એ પ્રવાસકથાથી વિશેષ છે અને એટલે જ લેખકે એનો ઉલ્લેખ 'ભ્રમણ વૃત' તરીકે કરેલ છે. પ્રવાસ એક મુસાફરી હોય કે પ્રવાસ એક પ્રવાસ હોય કે પછી યાત્રા. 'દેવોની ઘાટી' પ્રવાસકથા છે અને સાથે સાથે એક યાત્રા પણ છે.

ભોળાભાઈ 'સીમલા ડાયરી'ના પ્રથમ પ્રવાસમાં જ વાચકને જકડી લે છે. છે તો એ એક શૈક્ષણિક પ્રવાસ. સીમલાના સમરહિલ પર રાષ્ટ્રપતિ નિવાસમાં તુલનાત્મક સાહિત્ય વિષે એક અખિલ ભારતીય સેમિનાર છે. આ શૈક્ષણિક પ્રવાસમાં પણ ભોળાભાઈ પ્રકૃતિ સાથેનું એકત્વ સાધે છે. જેમાં વાચક પણ પ્રકૃતિ સાથેની એકરૂપતા અનુભવે છે. લેખકઃ 'પશ્ચિમના પહાડો પર તડકો પથરાવા લાગ્યો. હરિયાળો રંગ સુપેરે પ્રકટ થયો. કોઈ અજાણ્યું પંખી ક્યારનું લયાત્મક રીતે ગાન કર્યા કરે છે'...

સીમલાથી મનાલી. મનાલી તો છે કુદરતે સ્વપ્નમાં લખેલું સ્વપ્નિલ કાવ્ય.: 'વિપાશા-બિયાસ વહેતી રહેશે અને હવે હું ઊંઘી જઈશ. પણ એ રમ્ય કે રુદ્ર ઘોષા જાણે કે ઓશિકે જ જાગતી વહેતી રહેશે આખી રાત.' મનાલીથી ચંદીગઢ. આખો પરિવેશ પરિવર્તિત થઈ ગયો.

અને ઉત્તરથી છેક દક્ષિણે બાર્ટન હિલ-તિરુવનન્તપૂરમ. દક્ષિણનો આ પ્રવાસ ફરી પાછો એક શૈક્ષણિક પ્રવાસ છે. બાર્ટન હિલ પર અનુવાદ અંગેની એક કાર્યશાળા છે, જેમાં આઠ ભાષાના લેખકો-વિદ્વાનો જ્ઞાનગોષ્ઠિ કરે છે, પરંતુ ભોળાભાઈનું મૌન તો કેરળની સૌંદર્યલીલા સાથે સતત ગણગણી રહ્યું છે. મૌનના એ શબ્દો કેવા સૌમ્ય છે, સુરમય છે!

મહારાષ્ટ્રથી શરૂ થતી પશ્ચિમ ઘાટની પર્વતમાળા ઠેઠ કેરળના કાંઠા સુધી વિસ્તરતી જાય છે અને એણે ધારણ કરેલ છે લીલો પરિવેશ. સમગ્ર સુષ્ટિ લીલા રંગે વિભૂષિત છે. સૃષ્ટિ સાથેની સંવાદ-ગોષ્ઠિ તો કેવળ મૌનની ભાષામાં જ થાય ને! અને કેરળની યાત્રા? વિવેકાનંદપુરમ્ કન્યાકુમારીની યાત્રા અને આ તો મંદિરોની ભૂમિ. પદ્મનાભ મંદિર અને આદિ શંકરાચાર્યનું જન્મસ્થળ કાલડી. પ્રકૃતિની વીણા પર છેડાયેલા સૂર. હવે મંદિરોની આ ભૂમિમાં સઘળું ઈશ્વરમય છે.

અને કેરળની વિદાય લઈ કર્ણાટક પહોંચે છે પ્રવાસી. ટીપૂ સુલતાનનું મૈસુર એટલે શ્રીરંગપટ્ટનમ્. હવે તો રહ્યા છે એના ભગ્નાવશેષ અને શ્રવણબેલગોળાની ગોમ્મટેશ્વરની અદ્ભુત, અલૌકિક, પાવનકારી વિરાટ મૂર્તિનાં દર્શન. બાહુબલિની આ મૂર્તિનાં દર્શન જ સમગ્ર અસ્તિત્વને કોઈ અલૌકિક પાવનત્વથી આવૃત કરી દે છે. પરંતુ બાહુબલિની વિદાય લેવી પડશે. આવી પહોંચ્યા હમ્પી. એક વિધ્વસ્ત નગર. ખંડેરો અને કેવળ ખંડેરો. ખંડિત થયેલી સ્થાપત્યકળાનાં દર્શને મનને ઉદ્વિગનતાથી ભરી દીધું.

‘દેવોની ઘાટી.’ આ ભ્રમણ વૃતની સમાપ્તિ થઈ. ‘દેવોની ઘાટી’નું આલેખન પૂર્ણ કરતાં હવે સાહિત્યની કોઈ અન્ય કૃતિના પથિક થશું.

સ્મૃતિના કૅન્વાસ પર કોઈ અન્ય કૃતિ આકારિત થાય એ પૂર્વે જ ‘ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન’ દ્વારા પ્રકાશિત ગાંધી-માર્ગનો જુલાઈ-ઑગસ્ટનો અંક હાથમાં આવ્યો અને દૃષ્ટિ નિર્મલકુમાર શર્માના લેખ ‘और गौरैया भारत से विलुप्त हो जाएगी’ પર અટકી. લેખ વાંચતાં મન ચિંતાગ્રસ્ત થઈ ગયું. સાહિત્ય-અમૃતની કટાર સાથે વાચકો સુધી આ ચિંતા લઈ જઈ એના નિવારણ માટેનો એક સંકલ્પ વિક્રમના આ નૂતન વર્ષે કરવાની અરજ કરું છું.

આપણે ક્યાં જઈ રહ્યા છીએ? તાંત્રિક (Technological) વિકાસ શું આપણને વિનાશ ભણી ધકેલી રહેલ છે? આવો જોઈએ....

# ...और गौरैया भारत से विलुप्त हो जाएगी

**निर्मलकुमार शर्मा**

**विकास और विनाश के बीच बाल भर का फर्क है। यह फर्क हम लगातार मिटाते जा रहे हैं। लेकिन क्या हम यह देख पा रहे हैं कि जो मिट रहा है वह हमारा भविष्य है?**

**अलेक्जेंडर पार्क्स** नामक वैज्ञानिक ने १८६२ में प्लास्टिक का आविष्कार किया था। पूर्ण परिष्कृत सिंथेटिक प्लास्टिक १९०७ में बेल्जियम मूल के अमरीकी वैज्ञानिक लियो बेकलैंड ने बनाया था और घोषणा की थी कि मेरा यह आविष्कार मानव-जाति का भविष्य बदल देगा। यह न जलेगा, न पिघलेगा, न आसानी से नष्ट होगा। आज ११४ वर्षों बाद बेकलैंड का कहा सब कुछ सच हो रहा है। प्लास्टिक ने सब कुछ बदल दिया है - हमारा वर्तमान भी और हमारा भविष्य भी।

आज सारी दुनिया में प्रतिवर्ष १० करोड़ टन प्लास्टिक बनाया जाता है। पृथ्वी पर इतना प्लास्टिक इकठ्ठा हो गया है कि इससे पृथ्वी को ५ बार पूरी तरह लपेटा जा सकता है। यह लाइलाज कैंसर, जन्मजात विकलांगता जैसी बीमारियों के साथसाथ हमारी प्रतिरोधक क्षमता – इम्यून सिस्टम - को कमजोर कर, उसे विभिन्न बीमारियों का घर बना रहा है। यह प्रतिवर्ष लगभग एक लाख जलीय जीवों की हत्या कर रहा है ।

इसी प्लास्टिक का एक स्वरूप है हमारा मोबाइल फोन और उसे जीवंत बनाने वाला हमारे मोबाइल टॉवर। लाखों की संख्या में कुकुरमुत्तों की तरह उग आए इन मोबाइल टॉवरों को हम देख कर भी अनदेखा कर जाते हैं लेकिन यह हमें अनदेखा नहीं करता है। इसकी इलेक्ट्रोमैग्नेटिक किरणें उन सबको रोगी बना रही हैं जो जीवित हैं। मनुष्य, पशु-पक्षी, पेड़-पौधे तथा यह समस्त जैवमंडल जैसे इसकी मुठ्ठी में बंद छटपटा रहा है। गर्भपात, नपुंसकता, हार्टअटैक, ब्रेनहैमरेज, कैंसर जैसे साथियों का साथ लेकर यह हमारे बीच मुंह उठाए खड़ा है।

इसकी इलेक्ट्रोमैग्नेटिक किरणें कितनी खतरनाक हैं, इस पर दुनियाभर में शोध हो रही है। वैज्ञानिकों-जानकारों में इसे लेकर कुछ विवाद भी हैं लेकिन यह विवाद ही बताता है कि कहीं कोई खतरा तो जरूर है। विवाद खतरों को लेकर नहीं, खतरों की मात्रा व परिणाम के बारे में है। कोलकाता के नेताजी सुभाषचंद्र बोस कैंसर रिसर्च इंस्टीटयूट के वैज्ञानिकों की शोध के अनुसार मोबाइल टॉवरों से निकलने वाली इलेक्ट्रोमैग्नेटिक किरणें इस जैवमंडल के समस्त जीवों की कोशिकाओं को कैंसरग्रस्त कर देने में सक्षम हैं। चितरंजन नेशनल कैंसर रिसर्च इंस्टीटयूट के अध्ययन के अनुसार मोबाइल टॉवर के रेडिएशन से इसके आसपास २४ घंटे रहने वाले लोगों में बहरापन, अंधापन और स्मृतिभ्रंश की संभावना है। राष्ट्रीय कैंसर संस्थान की एक रिपोर्ट कहती है कि मोबाइल टॉवर के रेडिएशन से ब्रेनटयूमर और ब्रेनकैंसर का खतरा है।

यह सब तो है ही, मैं छोटे पंछियों, यथा गौरैया, सन बर्ड, बबुना टेलरवर्ड, प्रिनिया, बुलबुल आदि को लेकर बेहद परेशान हूं। मैंने जब से अपनी छत पर गौरैयों को रहने की जगह दी है, तब से आज तक कभी मैं इस तरह विकल नहीं हुआ था, जिस तरह अब हूं। मेरे करीब के मोबाइल टॉवर के आसपास के ३०० मीटर के दायरे में पक्षियों की चहचहाहट बिल्कुल कम हो गई है। इंदिरा गांधी कृषि विश्वविद्यालय के सुप्रतिष्ठित वैज्ञानिक डॉक्टर एस. एस. शाह की अध्ययन पढ़ा था मैंने कि मोबाइल रेडिएशन के चलते मधुमक्खियों की संख्या कम होती जा रही हैं। आप खुद भी ध्यान देंगे तो पेड़ों पर लटकते उनके छत्ते भी कितने कम दिखाई देते हैं। डॉ. शाह ने अपने लैब में प्रयोग करके देखा है कि इस रेडिएशन से मधुमक्खियों में मतिभ्रम की स्थिति पैदा हो रही है जिसे वैज्ञानिक भाषा में "कोलेप्स डिसऑर्डर'' कहते हैं। मधुमक्खियां अपने छत्ते तक जाने का रास्ता भूलकर मर-खप जातीं हैं। रानी मधुमक्खी के अंडे देने की क्षमता पर इसका दुष्प्रभाव पड़ रहा है। नर मधुमक्खी, जिसे ड्रोन भी कहते है, उनके वीर्यसीमेन-में बायोकेमिकल बदलाव आ रहा है।

मुंबई में शोध कर रही नेहा कुमारी के अनुसार, "मोबाइल टॉवरों से निकलने वाले रेडिएशन का असर केवल जीव-जंतुओं पर ही नहीं, फसलों पर भी पड़ रहा है। रेडिएशन क्षेत्र में स्थित खेतों की फसलें भूरे रंग में बदल जातीं हैं, जबकि रेडिएशन की पहुंच से दूर के खेतों की फसलें हरी-भरी रहती हैं।'' इंटरनेशनल सेंटर फॉर रेडियो सांइस के वैज्ञानिकों के अनुसार रेडिएशन से दुधारू पशुओं की दूध देने की क्षमता कम हो रही है, चमगादड़ों की संख्या में गिरावट आ रही है। उनके अनुसार ९ से १८ सौ हट्र्ज लो फ्रिक्वेंसी में उड़ने वाले पक्षियों का अस्तित्व खतरे में है। यूनिवर्सिटी कॉलेज ऑफ तिरूवनंतपुरम् के जीव वैज्ञानिकों ने कॉकरोच पर मोबाइल रेडिएशन के दुष्प्रभाव पर रिसर्च करके देखा कि इससे कॉकरोच के शारीरिक रसायनों का प्रोफाइल तेजी से परिवर्तित हो रहा है। अभी कुछ सालों पूर्व ही अमरीका के एक अध्ययन ने बताया है कि मोबाइल टॉवरों से निकलने वाले घातक रेडिएशन के चलते वहां मधुमक्खियों का ऐसा सत्यानाश हुआ कि परागण न होने से फसलों का उत्पादन बुरी तरह प्रभावित हो रहा है। उसे चीन और आस्ट्रेलिया जैसे देशों से मधुमक्खियों की आयात करनी पड़ी है। विश्व स्वास्थ्य संगठन ने १४ देशों के ३१ वैज्ञानिकों से मोबाइल टॉवरों के रेडिएशन के दुष्प्रभावों पर एक शोध कराई है जो बताता है कि यह रेडिएशन मस्तिष्क की कोशिकाओं को इस तरह दुष्प्रभावित कर रहा है कि कैंसर, ग्लिमा और ध्वनिक न्यूरोमॉस का खतरा बढ़ गया है। रेडिएशन के दुष्प्रभाव से फलदार वृक्षों का उत्पादन भी प्रभावित हो रहा है।

हमारी सुप्रीम कोर्ट ने २०१४ में यह निर्देश जारी किया था कि सभी आवासीय क्षेत्रों, स्कूलों, अस्पतालों आदि से मोबाइल टॉवरों को हटाया जाए। बहुत से मोबाइल टॉवर हटे भी लेकिन भ्रष्टाचार का मजबूत टॉवर- नेता-नौकरशाही-ठेकेदार-ऐसा है कि उसने इस निर्देश को धता बताते हुए पहले

से भी ज्यादा टॉवर लगा दिए हैं। कोई बताएगा कि अगर धरती का सारा जीव-जगत ही बीमार हो जाएगा तो मोबाइल पर बात कौन करेगा?

मेरी चिंता या मेरा दर्द यह है कि मैंने अपना घर ही गौरैयों का पालना बना रखा है। सैकड़ों गौरैयाएं मेरे घर की छत पर बने जंगल में रहती-चहचहाती हैं और मैं रोज-रोज उनका घातक अंत भी देख रहा हूं। मैं गौरैयों को पनाह देता हूं, पड़ोस ने मोबाइल टॉवर को पनाह दे रखी है। अभी-अभी गौरैयों के दो मासूम बच्चों ने अपने घोंसले में ही दम तोड़ दिया। इसी मोबाइल टॉवर के रेडिएशन से माह भर पहले गौरैयों के १२ बच्चों की मौत हो चुकी है। मैंने गाजियाबाद विकास प्राधिकरण के सबसे बड़े अधिकारी से मिलकर यह सारा हाल बताया। आश्वासन मिला कि आवासीय क्षेत्र से वह टॉवर हटाया जाएगा लेकिन गौरैयों के १५ बच्चों का जीवन समाप्त करने के बाद भी वह टॉवर तो आज तक सिर उठाए खड़ा है।

मैं बहुत दु:खी मन से लिख रहा हूं कि वह दिन दूर नहीं जब गौरैयाएं हमारे जीवन से लुप्त हो जाएंगी। फिर हम हिसाब ही लगाते रह जाएंगे कि इन गौरैयों के साथ-साथ हमारे जीवन से क्या-क्या लुप्त हो गया- शायद जीवन ही लुप्त हो जाएगा और हम हिसाब लगाने की हालत में भी नहीं रह जाएंगे।

શું તમે આ વાંચી ચિંતિત નથી થયા? આવનારી પેઢીનું ભવિષ્ય નિઃશેષ અંધકારમય નથી દેખાતું? મોબાઈલ ક્ષેત્રના માંધાતાઓના પેટનું પાણી નથી હલવાનું અને સરકારો અને એના અધિકારીઓની જાડી ચામડી પર કશું જ નહીં સ્પર્શે.

પ્રજા-આપણે સૌ જાગૃત થઈ મોબાઈલ ટાવરનાં જાળાંઓને આપણાં રહેઠાણો, શાળાઓ, હોસ્પિટલો પરથી હટાવી લેવા સંકલ્પબદ્ધ થઈ કશું નહીં કરીએ તો આપણું ભવિષ્ય શૂન્ય છે, એ નિશ્ચિત છે. હવે આ નિંભરતા નહીં જ પાલવે. મોબાઈલ ટાવરો થકી સંબંધિતોને આર્થિક લાભ જરૂર થાય છે. પણ શું આજની આર્થિક ઉપલબ્ધિની લાલચે આપણી નવી પેઢીના ભવિષ્ય સાથે સોદો નથી કરી રહ્યા ? શું આપણું ભવિષ્ય આ આર્થિક સંપત્તિનો ઉપભોગ કરવાની સ્થિતિમાં રહેશે ?

એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં આ લેખ અહીં છાપવાની અનુમતિ આપવા માટે 'ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન'ના શ્રી મનોજકુમાર, લેખક શ્રી નિર્મલકુમાર શર્મા અને 'ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન'નો હૃદયપૂર્વક આભાર.

અને હવે પછી.........???

ફોન: ૯૩૨૩૫૪૧૩૫૧

# મને વારંવાર માથાનો દુ:ખાવો (માઈગ્રેન) થાય છે

## ભાગ - ૫ સારવાર

ડૉ. મણિલાલ ગડા - ડૉ. દીપ્તિ શાહ (ગડા)

આગળના લેખોમાં (ભાગ-૧ થી ૪) આપણે જાણ્યું કે વારંવાર માથાના દુ:ખાવા /માઈગ્રેન/ લાંબા ગાળાના માથાના દુખાવાના કિસ્સાઓમાં યોગ્ય નિદાન માટે (૧) ઊંડાણમાં માહિતી (લક્ષણો તથા ઘટનાક્રમ) (૨) વૈદ્યકિય તપાસ, (૩) લેબોરેટરી તપાસ, એક્ષરે જરૂરી છે જેમાં ખાસ કરીને **મનની માનસિક તપાસ (Mental Status Examination-MSE)** અને **વૈજ્ઞાનિક પધ્ધતિથી માથાના દુ:ખાવાની નોંધ (Scientific Headache Diary)** ખૂબ અગત્યનું છે.

મનની વૈજ્ઞાનિક તપાસ તથા માથાના દુ:ખાવાની વૈજ્ઞાનિક પધ્ધતિની વ્યવસ્થિત નોંધ પરથી **મનના આંતરિક પરિબળો તથા બાહ્ય પરિબળો,** માથાના વારંવાર થતાં દુ:ખાવામાં શું અને કેટલો ભાગ ભજવે છે એ જાણી અને સમજી શકાય છે. આ માહિતી સારવારમાં તથા ખાસ કરીને કાઉન્સેલિંગમાં ખૂબજ મદદરૂપ થાય છે જેને લીધો સારવારના અપેક્ષિત પરિણામો મળે છે.

આ લેખમાં સારવાર વિષે જાણકારી મેળવીએ.

**સારવાર**

સારવારમાં નીચેના મુદાઓ પર લક્ષ કેન્દ્રિત કરવામાં આવે છે.

૧) માથાના દુ:ખાવામાં રાહત.

૨) ફરીથી માથાના, દુ:ખાવાનો ઉથલો ન થાય.

આપણે આગળના લેખોમાં જાણ્યું છે કે માથાના દુ:ખાવામાં માનસિક સ્ટ્રેસ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેની સારવાર કરવી અગત્યનું છે. આ મુદ્દાને ધ્યાનમાં લઈ સારવાર માટે નીચેની પધ્ધતિઓનો ઉપયોગ કરાય છે.

**અ) દવાઓ:**

૧) તાત્કાલિક રાહત (Acute Treatment)

૨) લાંબા ગાળાની રાહત (Long Term Treatment)

**બ) માનસિક સ્ટ્રેસ માટે સારવાર:**

૧) દવાઓ

૨) માનસિક શિથિલતા (Mental Relaxation)

૩) કાઉન્સેલિંગ - સાયકોથેરાપી

## અ) દવાઓ

(I) **સ્નાયુઓના સંકોચાવાથી થતો માથાનો દુ:ખાવો (Muscle contration Headache MCH)**

**I-૧ તાત્કાલિક રાહત :**

સ્નાયુઓના સંકોચાવાથી થતા માથાના દુ:ખાવામાં ચોક્કસ (specific) પ્રકારની દવાઓ આપવામાં આવેછે. બેન્ઝોડાયાઝેપીન ગ્રુપની દવાઓ શરીરમાં રહેલ સ્નાયુઓને (Muscles) ઢીલા/શિથિલ કરે છે. કપાળ તથા મગજનો સ્નાયુઓ (frontal and forehead muscles) શિથિલ થાય છે તથા આથી દુ:ખાવામાં રાહત મળે છે.

**I-૨ લાંબા ગાળાની રાહત :**

જે ચોક્કસ દવાઓથી માથાના દુ:ખાવામાં રાહત મળેલ છે એ જ દવાઓ યોગ્ય સમય સુધી ચાલુ રખાય છે. શરૂઆતમાં દુ:ખાવામાં રાહત મળ્યા બાદ પણ દવાઓ ચાલુ રખાય છે. જેથી માથાના દુ:ખાવાનો ફરી ઉથલો ન થાય.

જો ઉથલો થાય તો દવાઓ લાંબો સમય સુધી ચાલુ રાખવી પડેછે.

**II માઈગ્રેન - આધાશીશી (Migrain)**

**II-૧ તાત્કાલિક રાહત :** માઈગ્રેનના હુમલા વખતે માથાના દુ:ખાવાનો તાત્કાલિક કાબૂમાં લાવવું અગત્યનું છે આ માટે અલગ અલગ ગ્રુપની દવાઓ વપરાયછે.

૧) નોન સ્ટેરોઈડસ્ એન્ટી ઈન્ફલેમેટરી દવાઓ (NSAIDS)

૨) અરગોટામાઈન્સ્

૩) ઓપીઓઈડ્સ

૪) ટ્રીપટાન્સ

માઈગ્રેનના દરેક દર્દી માટે વ્યક્તિગત રીતે

**અ)** ક્યા ગ્રુપની દવા આપવાની છે

**બ)** કેટલી માત્રામાં આપવાની છે.

**ક)** કેટલો સમય આપવાની છે.

**ડ)** ક્યારે આપવાની છે એ સ્પેશીયાલીસ્ટ ડોક્ટરને અનુભવ હોવાથી નક્કી કરે છે જેથી અપેક્ષતિ પરિણામ મળે.

**II-૨ માઈગ્રેનના દુ:ખાવાનો ફરીથી હમલો અટકાવવા :**

આના માટે અલગ પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે.

અ) બીટા બ્લોકરસ્

બ) કેલ્સીયમ ચેનલ બ્લોકરસ્

ક) કેલ્સીટોનિન જીન રીલેટેડ પેપટાઈડ્સ્ (CBRP) એન્ટાગોનિસ્ટ

ડ) એન્ટિ ડીપ્રેશન્ટ

ઇ) એન્ટિ કનવલસન્ટ

એફ) બોટોક્ષ.

ઉપરોક્ત દવાઓ નિયમિત લેવી પડે છે અ) કઈ દવાઓ આપવી બ) કેટલી માત્રામાં આપવી વગેરે મુદ્દાઓ વ્યક્તિગત દરદી પ્રમાણે નક્કી કરાય છે.

**બ) માનસિક સ્ટ્રેસ માટે સારવાર**

સંશોધન દ્વારા સાબિત થયેલ છે કે વારંવાર/ લાંબા ગાળાના/ માઈગ્રેનથી થતા માથાના દુ:ખાવામાં ૮૫% કિસ્સાઓમાં માનસિક સ્ટ્રેસ મહત્વનો ભાગ ભજવે છે. માનસિક સ્ટ્રેસને લીધે

૧) માથાનોદુ:ખાવો શરૂ થઈ શકે છે અને / અથવા માનસિક સ્ટ્રેસને લીધે

૨) માથાના દુ:ખાવાનો ઉથલો થાય છે

૩) માથાના દુ:ખાવાની તીવ્રતા વધી જાય છે.

સારવારમાં માનસિક સ્ટ્રેસના ઘટકને આવરી લેવું બહુ જ મહત્વનું છે.

૧) દર્દીનો લાગણીશીલ / સંવેદશીલ વ્યક્તિત્વ

૨) કુટુંબીજનોના વર્તન/ વાણીની લાગણીશીલ મન પર નકારાત્મક અસર

૩) નજીકના સંબંધોમાં અવારનવાર થતી ગેરસમજ

૪) નિરાશાજનક લાગણીઓ તથા ભાવનાઓને વ્યક્ત કરવાની અણઆવડત

૫) આવી નિરાશાજનક લાગણીઓને મનમાં દાબી દેવાની વૃત્તી

૬) વાસ્તવિકતા તથા અપેક્ષાઓ વચ્ચે જેમ અંતર વધારે તેમ સ્ટ્રેસ વધારે.

આ ઉપરોક્ત મુદાઓને લીધે માનસિક સ્ટ્રેસનું નિર્માણ થાય છે. તથા શરીર પર નકારાત્મક અસરોથાય છે. એમાંની એક અસર છે લાંબા ગાળાનું/વારંવાર. માથાનો દુ:ખાવો થવો.

માથાના દુ:ખાવાની વૈજ્ઞાનિક નોંધ પરથી માનસિક સ્ટ્રેસ વિષેની એ દરદીમાં જાણકારી મળે છે જે કાઉન્સેલિંગની સારવારમાં ખૂબજ ઉપયોગી થાય છે. ક્યા પ્રકારની કાઉન્સેલિંગની સારવારની પદ્ધતિ આ દરદી માટે ઉપયોગી નિવડશે. એ નિર્ણય કરાય છે.

માનસિક સ્ટ્રેસ નું નિવારણ તથા સારવાર માટેની ઊંડાણમાં જાણકારી હવે પછી લેખમાં મેળવશું

(ક્રમશ...)

# ગાંધી અને પર્યાવરણ

✲ દામજી માણેક ગડા ✲

જે સમાજમાં વિષમતાછે. ત્યાં અહિંસાની ભાવના વિકસિત થઈ શકે નહીં. ગાંધી અને બુધ્ધનું કહેવું હતું કે જ્યાં સુધી ગણ્યા ગાંઠતા ધનવાનો પાસે લક્ષ્મી એકઠી હોય અને બીજી બાજુ કરોડો ભૂખ્યા રહેવાવાળા માણસો હોય. આ અંતર જ્યાં સુધી રહેશે ત્યાં સુધી અહિંસાના સિંધ્ધાત પરની રાજ વ્યવસ્થા કાયમ થઈ શકે નહીં.

ગાંધી ઉપભોકતા વાદ અને દિવસે ને દિવસે વિકાસ પામતી હિંસાના સીધા સંબંધને સમજતા હતા. એટલેગાંધી હિંસા અને વિષમતાના આધારીત ઉપભોક્તાવાદના આધુનિક વિકાસ પરનો સવાલ રાજ વ્યવસ્થા પુછે છે.

ગાંધીએ એક જગ્યાએ ઉપભોક્તાવાદની ટીકા કરતાં કહે છે. કે આજનો ઉપભોક્તાવાદ સંસારને એક નવી સભ્યતા અર્પણ કરવાનો દાવો કરે છે કે આવો વિકાસ અને સભ્યતા પહેલા ક્યારે પણ જોવામાં નવી આવી. અને દાવા સાથે કહે છે કે આ સભ્યતાએ સર્વ મનુષ્ય જગત પર ઉપકાર કરેલ છે.

આ માણસો સરળતાથી ભૂલી જાય છે કે જગતના વિનાસનાા આધુનિક હથિયારોનું નિર્માણ. અરાજકતા અને ગુનાખોરી સતત વધતું પ્રમાણ. પુંજી અને શ્રમ વચ્ચેનો ભયાનક સંઘર્ષ, અત્યાચાર, બળાત્કાર, મૂંગા પ્રાણીઓને મારવાનું એ બધુ સહન કરવા પડે છે. આ બધા નવી વિજ્ઞાનીક શોધને કારણે.

લાલચ, હિંસા અને ઉપભોક્તાવાદ પર આધારિત આ વિકાસની પ્રક્રિયા પ્રકૃતિનો વિનાશ તરફ દોરી જાય છે. આજે સંપૂર્ણ જગત, પાણી અને હવામાનના પરિવર્તન કઠીણ સમયમાંથી પસાર થઈ રહી છે. આનાથી આ ધરતીની જીવન સૃષ્ટિને કંઈ રીતે બચાવી લેવું. આ મહત્વની સમસ્યા નિમાર્ણ પામી છે.

ગાંધી કહે છેકે પ્રવૃતિ પાસે મનુષ્યની જરૂરીયાત પૂરીકરવા માટે પૂરતા સંસાધનોછે. પરંતુકોઈની લાલચ સંતોષવા માટે એની પાસે પૂરતા સંસાધનો નથી. પ્રકૃતિનો એક બુનિયાદ નિયમ છે કે એ રોજ એટલું જ ઉત્પાદન કરે છે. જેટલી આપણી જરૂરીયાત છે. અગર આ જગતના માનવી નક્કી કરે કે પ્રકૃતિ પાસે એટલું જ લે જેટલી એની જરૂરીયાત છે. જો માનવી પ્રકૃતી પાસે વધુ ન લેતો આ દુનિયામાં ગરીબી ઓછી થઈ શકે અને દરેક માણસને બે ટંકનું ભોજન મળી રહે. આ શબ્દો ગાંધી આજે દુનિયા સામેજે સમસ્યા ઊભી થઈ છે. તેનો રસ્તો બનાવેલ છે. પર્યાવરણનું જતન અને જરૂરત હોય તેટલો જ ઉપયોગ કરવો એટલે જ અપરિગ્રહ જે જીવન મંત્ર છે.

મો. :૮૮૭૯૩૩૩૯૩૪

# CELEBRATE LIFE

**(A SMALL BIOGRAPHY ON MR. KHIYASHI BHIMSHI HARIA)**

KHYATI ANIL HARIA

A tribute to the man who lived his life undoubtedly to the fullest is none other than Mr. Khiyashi Haria, Age 83, departed his soul in utmost peace on 16th August 2021. But today, instead of mourning his death, let's celebrate his life.

To embark upon, he was one of the most jovial and lively soul. Not only did he enjoy each and every moment of his life, but he also made the life of people around him joyful. His top-notch qualities cannot be expressed in words. His desire to help people socially and personally is way beyond our thinking. In addition to this, his immense amount of contribution to the society and communities are impossible to measure. His simple motto in life was, "Life is not only to be lived, but to be celebrated".

The unbreakable **life support** through which he lived is his family who have surely been fortunate enough to be a part of his life. His **pure heart** was nurtured well with all the love and affection he received from his beloved wife who has been with him through out no matter rain or shine.

His two sons are like his **strong shoulders**, who didn't let his life take the weight of the world. They went out on their limb to make him feel strong whenever he felt tired. His two daughter- in-law whom he considered as his own daughters are like his two **eyes and** they acted like windows into his soul, understood his hidden emotions like the back of their hand. They left no stone unturned to let him see the beauty of his life so clearly. His two grand son-in-laws have been no less than his **two ears**, made him hear the inner voice of his soul.

He was extremely lucky to have met them, and most importantly heard life stories from his talented to be grand son-in-laws. Lastly as it is rightly said that without arms and legs, life has no meaning, and like his four grand-daughters who strongly played the role of four pillars of his life, always stayed by his side like his **two arms** and supported him like his **two legs**. He was

the most luckiest to have such a great support system who made his life even more meaningful to live with and that kept him moving even in his time of pain.

He was an artist by himself. With no professional training or guidance and purely because of his inbuilt talents he made his life even more artistic. Only on listening to the tunes of our traditional music, one could easily spot him right ahead flawlessly grooving with traditional steps of garba, dandiya or his trademark matukdi style dance, which hands down no one can move like he did nor can one can emulate him. He was a fantastic orator as well. With zero stage fright, he could go non-stop for hours addressing the crowd on mike.

His USP, the very well known **"Jai Jindendra"** was being heard miles away whenever he particularly said those golden words right from within his heart. His writing skills are commendable. He could write meaningful poems and articles in a blink of an eye. It took no effort for him to articulate his thoughts into any poem. His love for spicy food was unimaginable. At this age, if given a chance he could eat countless pani puri's all day and even leave behind the capacity of the younger generation.

Although with all the medical issues that he suffered in the last few years, it is only because of his own will power that he lived strongly no matter what.

So today, let us remember all the laughter that he has spread by his magical smile and keep this as a precious memory locked in our hearts forever.

It is true that no one enjoyed and celebrated life as much as he did. His unquenchable thirst to live, kept him going right till the end.

Honestly among the infinite stars shining deep in the sky, he is surely going to be the most brightest one, hence one can immediately spot him as a shining star of our family.

He has definitely left a legacy behind us by inspiring everyone to live life to the fullest. Nevertheless, he embraced life with both hands and never did he let go, it is obvious that his life journey doesn't end here. It has just taken another path that one day we all must take.

**"Jai Jinendra"**

VILLAGE - HALAPUR
CELL : 9833412825

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

મિઠા માડૂ,

કાનેમંતર વિગર જા કચ્છી શબ્દ કિતરા હૂંધા તેંજો કીં હિસાભ ? પાં હિકાર ''લખ'' જી કમાઈ કિંઈ, પોય ગે મૉણીં (૧) લગ - પાસે, નજીક, (૨) લગત - ભૂત પ્રેતની બલા (૩) લગન - લગની નેં (૪) લગન - લગ્ન મેરેજ + લગ્ન માટેના મુહૂર્ત ઈત્યાદિ જી ગાલ કિઈ.

હાણે ''લજ''. જી ગાલ કયૂં. મથા મથા ત ઈં લગે તો જ ''લજ'' જા બ ખન અરથ નિકરંધા પણ સોંજો વીચારીં ધે ચાર ચાર મિલીવ્યા ! નેં આ જૅડો વરી કોક નાગપૂર વારેં લાલજી શેઠિયા વારેં જી પઅઉં અરથ પણ કઢી વતાય ત નવાઈ ન!

(૧) લજ (સ્ત્રી) - લાજ, શરમ. (f) shame

(વાક્ય) ''ચૉ ચૉ ચિઈ ડે બાઈ, લજ મ કર.''

(૨) લજ (સ્ત્રી) - અદબ, મર્યાદા, મલાજો, વિવેક (f) modesty

(વાક્ય) ''વઉઆરીઉં વડેં સામેં ન અચેં સે લજ ચૉવાજે ! ''

(૩) લજ (સ્ત્રી) - આબરૂ, પ્રતિષ્ઠા, સાખ ઈજ્જત (f) reputation

(વાક્ય) ''ટોકરસી ટાણે તેં પઈસા ડિઈ મૂંજી લજ રખેં ભલા ! ''

(૪) લજ (સ્ત્રી) - ઘૂંઘટો (f) veil (used by women to cover face)

(વાક્ય) ''બાઈ લજ કઢી વિઞ, બાર ઓટે તેં રવજીકાકા વિઠા આંઈ! ''

'લજ' ઍડી ચીજ આય ઈનકે સની નજર સેં જ નૅરઈ ખપે !

**પનપટી :** શબ્દ જો જુકો અરથ વે તેં કે ભાષામેં ''અભિધા'' ચેંતા પણ ઈનજે - શબ્દજે લક્ષણે મથા જુકો વિશિષ્ટ અરથ નિકરે સે લક્ષણા અથવા વ્યંજના હિકડો ઑડો - લક્ષણાત્મક કચ્છી પ્રયાગ -આય ''લજ જી લાડી'' કોઈ વ્યક્તિ કે બાળક જરૂર વે તેં કના વધારે સંકોચ રખે તેંકે ''લજ જી લાડી'' ચેંતા. લાડી - નઈ પૅણીને અચેલી બાઈ મુલાજો કરે ને સંકોચવશ બાર ન નિકરે, ન કુછે તેં મથા ઈ પ્રયોગ (લક્ષણાત્મક) ભન્યો આય !

ભલેં તડેં કીંક ભાભ ભેરો કયો ત હાલઈજા જરૂર !

- આંજો વિશન

## ઉલઝન

*તર્જઃ યે મેરા દિવાનાપન હૈ (ફિલ્મ યહુંદી)*

શું આ પાગલપન છે?
કે છે કોઈ અનેરો અણસાર!
જોતે સમજ ના પડી તો
તે સમજ, છે, કુસુરવાર શું.....

દુનીયાદારીથી દિલ છે દુઃખી
સુખના પામે પલભરવાર
ના રહેવું અહીં સતત રત્ન કરતો
તેને જાવું સામે પાર..... શું

મનડુતો છે, મરકટ સમ
તેમાં ચંચળતા ભરી અપાર
પળમાં મંત્રી પળમાં સંત્રી
બની કરે વિચિત્ર વ્યવહાર... શું

વાંદ્યયત્રં એક, બેવિસમ-સુર
શું સમજવો એનો સાર ?
જગથી નાતો રાખું જોડી કે
નાખું તોડી, છે, ઉલઝન
કહો કોઈ નક્કર નિર્ધાર... શું

શાંતિલાલ સુરજી ગાલા
વડાલા (કચ્છ) ભાંડુપ
ફોન : ૨૫૬૬૫૧૮૪

## ઉદાસી છવાય

યાદોના વાદળાં દિલપર છવાય
ભૂલવા મથું પણ ભૂલીના શકાય

સવારે ઊગે રવિ, સાંજે અસ્ત થાય
મરણની તારીખ ક્યાં કદી કળાય?

જિંદગીના ખાધા તમાચા કરમના
યાદ આવે ત્યારે મનડું વલોવાય

મનાકાશે ઉડે સ્મૃતિના વિહંગ
સારા-માઠા પ્રસંગો યાદ આવી જાય

મન પર પડઘા પડે સુખદુઃખના
'લઘુગોવિંદ' દિલે ઉદાસી છવાય

- લઘુગોવિંદ

## '? એનો - ? મારો'

જ્યોતિષનો વ્યવસાય
એ કોણ કહે કે ચોરી છે?
આજનાં અમારા ભવિષ્યની
એ તો જીવાદોરી છે.
અંધ શ્રધ્ધામાં અટકાવે,
આ કેવી ગુનાખોરી છે?
'પ્રેમ' કળિયુગનાં આ માણસની
એ જ તો કમજોરી છે

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

(સંગર)

## સોંણેમેં સજો સંસાર.

મનખ વીચારેં મૉજ કૅબો, સંસારજે સુખમેં,
સુખજે ઇન સોસમેં, ડીં નિકરેં પ્યા ડુખમેં,
મોંઘેરી મૉજ વિઈ, જૉસ ન રેયો જિંધમેં,
ઠલોથિઈ વ્યો ઠિકર, ઠેંકલા ડીંએંતા ઠિગમેં,
પીડા ડિસી પિંઢમેં,
સોંણા નૅર્યો સુખજા.

સોંણા નૅર્યો સુખજા, આસ રખી અલામેં,
લાલચ જે લારે મથે, તલભ રખ્યો તનમેં,
સાંઆય છડ્યો સુખલા, ધગો રખી ધિલમેં,
મૂતી નૅરી તા મોંઘેરા, મસાણજે મેધાનમેં,
લખેંજે ઇન લારેમેં,
વિઈ ન કેયો વીચાર,

વિઈ ન ક્યો વીચાર, ખોટો ખણી ફિરેંતા ભાર,
ભવેં ભવનું ભટકેંતા, અવનીતેં નાંય ઓકાર,
સમજે નતા સાનમેં. ખોટો કઢેતા ખાર.
''અગમ'' ચૅતો ઊર મિંજા, સરખી રખૉ સંભાર,
હી સોંણેમેં સજો સંસાર.
વાટ જલ્યો વૅરાગજી.

આસમલ ધુલિયા ''અગમ''

ધરધસેં ભરૅલે હિન ધુકાન મેં,
જીયણજા અરમાન વિકણાતો.
માન કો મિલે ધિલજો ધિલાવર.
ઍડે સજણ લા યાર સિકાંતો.

✤✤✤✤✤

વખતજી વાટ મ ન્યાર યાર,
મૂંકે પણ ચિઈ વ્યો અચાંતો,
ઉન ડીં નું કરે અજ ડીં તાઈં,
ઉન લાખેણી પલલા લુછાંતો.

✤✤✤✤✤

ધગો મ કૅજ કેંજે ધિલસેં,
નેં વલેં સેં મ રખીજ વૅર,
જૅર જમડા અચીંધા જાંપે,
તૅર ખોરિયેજી ન રોંધી ખેર,

✤✤✤✤✤

ખજાના ખાસેંજા ખુટી પેંતા,
પણ ખુધાજો કડેં ખુટે નતો.
કઇક લૂંટારા લૂંટેને લડે વ્યા,
તાંય ભંઢારો ભરલ જ રૅતો.

''અગમ''

**શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન**
**શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ**
**શ્રી ક.વી.ઓ. સેવા સમાજ**
**નિર્મિત**

# શ્રી ક.વી.ઓ. કેન્દ્રીય મધ્યસ્થી સમિતિ

## સપ્તપદીનાં પગલાં લેતા પરસ્પર જીવનભરનો સાથ નિભાવવાનાં આપેલ કૉલ છતાં આ સાથ અલ્પજીવી કેમ થાય છે ?

સાથ છૂટવાનો સમય આવે છે એનું કારણ કદાચ એકબીજાને સમજવાનો અભાવ હોઈ શકે. સપ્તપદીનાં ડગ ભરતાં લગ્નજીવનમાં આવનારી જવાબદારીઓ નિભાવવાના લીધેલા સોગંદનું શું ? શું જવાબદારી નિભાવવાની અસમર્થતા છે કે અનિચ્છા!

સગપણ અને લગ્ન વચ્ચેનો ગાળો એક અતિમહત્ત્વનો સમયગાળો છે જેમાં પરસ્પરને સમજવાની ઉત્તમ તક મળતી હોય છે. પરંતુ ભવિષ્યના સહજીવન અંગે પરસ્પરને ઓળખવાને બદલ યુવતીઓ યુવકનો પગાર, ઘરનો વિસ્તાર મોટો છે કે નાનો, ક્યા વિસ્તારમાં ઘર આવેલું છે જેવી બાબતોને લક્ષ્ય બનાવે છે અને યુવકો યુવતીનાં રૂપ અને ભણતર તરફ લક્ષ આપે છે.

સહજીવનમાં સ્વભાવ એ સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે. પરસ્પર પ્રત્યેનું માન કૉમ્યુનિકેશન સ્કીલ, ફાજલ સમયનો ઉપયોગ, આદતો શું છે જેવી બાબતો આ સમયગાળામાં જાણી લેવાની જરૂર છે.

લગ્ન પછી પૂર્ણ વિશ્વાસ અને સહજીવનને સુખમય રાખવાના પ્રયાસ હોવા જોઈએ. મતભેદોનું સમજણપૂર્વક નિરાકરણ લાવવું અને ભૂલનો સ્વીકાર કરી એને સુધારવાનો અભિગમ અને સજાગતા હોવાં જરૂરી છે.

યુવતી પોતાના પિયરનું ઘર છોડી સાસરે આવે છે. એના સ્વભાવ, રહેણી-કરણીને નવા ઘરમાં એડજસ્ટ થવા માટે પતિએ પૂરતો સમય આપી અને પૂર્ણ સહકાર આપી એડજસ્ટ થવામાં સહાનભૂતિપૂર્વક મદદગાર બની રહેવું આવશ્યક છે. નવદંપતીમાં પતિ એ પત્ની માટે એવું પાત્ર છે જેની સાથે મોકળાશથી વાત કરી શકે. પતિની એ ફરજ બની રહે છ ે કે પત્નીની વાત સમજે અને મદદરૂપ થાય.

લગ્ન પછી બન્ને પક્ષે પૂર્ણ સજાગતા અને સમજણથી જરૂરી પરિવર્તન આણવું જોઈએ. છૂટા થવાની (ડીવૉર્સની) નોબત આવે ત ો ઉતાવળિયું પગલું ન ભરતાં કાઉન્સિલર સાથે વિચારણા અને સલાહ લઈ પછી જ આગળ વધવું સલાહકારક છે. આપણા દેશમાં લગ્ન સાથે ઘણી વ્યક્તિઓ અને પરિવારો સંકળાયેલા છે. ઉતાવળિયું પગલું ઘણા માટે દુષ્પરિણામો લાવી શકે.

સંસ્થાનાં દ્વાર આપની સહાય માટે ખુલ્લાં છે. સંસ્થાનો સંપર્ક કરો.

યુવકો દ્વારા શારીરિક હાનિ પહોંચાડવાની કે યુવતી દ્વારા પોલીસમાં ફરિયાદ કરવા અને વડીલો દ્વારા કોર્ટ-કચેરીનો આશરો લઇ બરબાદી નોતરવા પૂર્વે મધ્યસ્થીનો સંપર્ક કરો. શક્ય છે તમામ મુસીબતોનું સાથે મળીને નિવારણ લાવી શકાય.

**આ અંગેના ફૉર્મ ઉપરોક્ત ત્રણે સંસ્થાના કાર્યાલયમાં ઉપલબ્ધ છે.**
**સંસ્થાની નિઃશુલ્ક સેવા મેળવવા ખચકાટ નહીં રાખતા.**

**તરલા જયંત છેડા - પ્રમુખ**
**લિ. માનદ્ મંત્રીઓ : શ્રી જિતેન્દ્ર ખીમજી ગોગરી - ડૉ. હસુમતી ડૉ. ધીરજ છેડા**

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૧ થી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧)**

**ચક્ષુદાન : 👁 દેહ/ત્વાચાદાન : ✪ અવયવદાન : ✷**

## પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અશ્વિન (ગુંદાલાનાં હંસાબેન | ૬૨ | - | અંધેરી |
| હંસરાજનાં જમાઈ) | | | |
| નાનજી પ્રેમજી ગોવર નાગડા | ૬૪ | નરેડી | અંબરનાથ |
| શામજી મોરારજી લીલાધર ગાલા | ૮૪ | કોડાય | ચેમ્બુર |
| અજિત ભવાનજી વેરશી હરિયા | ૫૨ | શેરડી | વાપી |
| જાદવજી કેશવજી રાયશી દેઢિયા | ૬૪ | ટુંડા | પ્રભાદેવી |
| પાર્વતી મણિલાલ મોરારજી ધરોડ | ૬૩ | વડાલા | મહાલક્ષ્મી |
| અ.સૌ. કસ્તૂરબેન દેવચંદ કુંવરજી ગોસર | ૬૯ | ડુમરા | કલવા |
| કલ્યાણજી ઉમરશી ચાંપશી ગોગરી | ૮૫ | વડાલા / મલાડ | (ઝૂમ-પ્રાર્થના) |
| પાનબાઈ રવિલાલ મુરજી મારૂ | ૯૧ | બિદડા | બોરીવલી |
| અમૃતબેન રામજી ગણપત નિસર | ૯૧ | છસરા | ભાઈંદર |
| મનોજ સુરેશ માવજી ગોગરી | ૪૬ | ભુજપુર | મુલુંડ ✪ 👁 |
| પરેશ કાંતિલાલ હીરજી ફુરિયા | ૫૬ | નાની ખાખર | પુના |
| મનીષ જગદીશ માવજી છેડા | ૬૦ | મોટી ઉનડોઠ | ઘાટકોપર 👁 |
| અ.સૌ. નિર્મળાબેન પ્રવીણચંદ્ર ભાઈલાલ ગોગરી | ૭૬ | કોડાય | થાણા |
| નીતિન વેલજી પાલણ રાંભિયા | ૬૭ | મોટી રાયણ | થાણા |
| દેવરાજ લાલજી વેલજી દેઢિયા | ૭૮ | કોકલિયા | કોલ્હાપુર |
| મણિબાઈ શાંતિલાલ દામજી નાગડા | ૮૧ | સણોસરા | ડોંબિવલી |
| અ.સૌ. નિર્મળાબેન હેમચંદ મેઘજી ગાલા | ૬૯ | ગેલડા | અંધેરી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ઝવેરીલાલ તેજશી ઓભાયા વિસરિયા | ૭૪ | કોડાય | પરેલ |
| લક્ષ્મીચંદ ખીમજી મણશી ગોસર | ૭૯ | વિંઢ | મુલુંડ |
| સુશીલાબેન શામજી જેવત દેઢિયા | ૮૮ | કાંડાગરા | માનગાંવ |
| હીરેન ગાંગજી કુંવરજી ગાલા | ૫૦ | કાંડાગરા | વડાલા 👁 |
| સુનીલ શાંતિલાલ કુંવરજી ગોસર | ૫૬ | ડુમરા | ગોવંડી |
| ગિરીશ રાઘવજી રવજી ગોગરી | ૫૭ | વડાલા | ગોરેગામ |
| મણિલાલ ખીમજી દેવજી નિસર | ૬૩ | નાગ્રેચા | ડોંબિવલી |
| અ.સૌ. સુશીલા હરિલાલ વેલજી નિસર | ૮૭ | વડાલા | હૈદરાબાદ |
| હરીશ કરમશી ઉમરશી સાવલા | ૫૪ | પત્રી | બોરીવલી |
| જયંતીભાઈ ગાંગજી વિજપાર ગાલા | ૫૯ | કાંડાગરા | ડોંબિવલી |
| ભાવનાબેન પ્રવીણ વેલજી દેઢિયા | ૬૦ | ગેલડા | ઘાટકોપર |
| પ્રભાબેન ભવાનજી શામરદાસ શાહ | ૭૬ | દુર્ગાપુર | મલાડ |
| ગાંગજી કાનજી ખેતશી જાગાણી | ૮૭ | માપર | ખાર |
| શામજી નાનજી જેતશી સાવલા | ૮૦ | બેરાજા | મુલુંડ |
| અ.સૌ. સુશીલા હરખચંદ શામજી કક્કા | ૭૯ | બેરાજા | મલુંડ |
| મણિબેન ભવાનજી ચના ગડા | ૮૬ | કોડાય | ડોંબિવલી |
| ઉમરશી રામજી વાલજી મારૂ | ૧૦૪ | નાના ભાડિયા | મલાડ |
| રમણીકલાલ ઠાકરશી ડુંગરશી ગાલા | ૭૪ | સમાઘોઘા | મુલુંડ 👁 |
| મણિલાલ મુરજી રવજી કારાણી | ૮૧ | ડુમરા | ઘાટકોપર 👁 |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| પ્રફુલા પ્રફુલ કેશવજી ગડા (પ્રાર્થના રાખેલ) | ૪૨ | મોટી વરંડી | મો.વરંડી |
| નિર્મળા મણિલાલ શિવજી ગાલા | ૬૧ | દેવપુર | ઘાટકોપર |
| કેશવજી પ્રેમજી ગોવર નાગડા | ૬૭ | નરેડી | ઘાટકોપર |
| રતનબેન વેણીકલાલ શામજી સાવલા | ૭૪ | ડોણ | મુલુંડ |
| કસ્તૂરબેન મણિલાલ નાનજી વીરા | ૮૮ | બિદડા | વીજાપુર |
| કિશોર માલશી સવા હરિયા | ૭૦ | ગોધરા | શિવરી |
| નવીનચંદ્ર ડુંગરશી ગણપત છેડા | ૭૩ | વડાલા | મુલુંડ |
| ભવાનજી શામજી લાલજી લાલન | ૭૪ | ગોધરા | પાર્લા |
| ભાણબાઈ પુનશી આસારિયા દેઢિયા | ૮૭ | તલવાણા | માટુંગા |
| કુંવરબેન લાલજી રણશી છેડા | ૯૧ | કાંડાગરા | સાંતાક્રુઝ |
| લક્ષ્મીબેન પોપટલાલ લખમશી ગડા | ૯૨ | કોડાય | થાણા |
| અશોક હેમચંદ રામજી ગોગરી | ૫૬ | નાંગલપુર | ડોંબિવલી |
| વશનજી રાયશી સામત ગોસર | ૭૮ | ચીઆસર | મુલુંડ (અણશન વ્રતથી) |
| નાનબાઈ શામજી કેશવજી ગડા | ૮૫ | રાયણ | જોગેશ્વરી |
| અરવિંદ કુંવરજી શામજી છેડા | ૫૯ | મોટા લાયજા | બોરીવલી |
| ધીરજ પ્રેમજી રવજી ગાલા | ૬૬ | વાંકી | બોરીવલી |
| ભરત (સાકરબેન જખુ પેથડના જમાઈ) | ૬૬ | મો. આસંબિયા | (કચ્છમાં પ્રાર્થના) |
| મણિબેન પ્રેમજી કુંવરજી ફુરિયા | ૭૫ | બિદડા | ગોવંડી |
| રામજી ઠાકરશી લખમશી દેઢિયા | ૮૬ | ગઢશીશા | ચેમ્બુર |
| મણિલાલ રામજી ફુરિયા | ૮૦ | બિદડા | અંધેરી |
| ભવાનજી પાલણ નરશી મોતા | ૮૧ | દેવપુર | મુલુંડ |
| અ.સૌ. સ્મિતા જયેશ પોપટલાલ છેડા | ૫૬ | નાના આસંબિયા | મુલુંડ |
| સુશીલા લક્ષ્મીચંદ નાનજી નાગડા | ૬૮ | ગોધરા | ભાઈંદર |
| બિપીન મોરારજી ગણપત દેઢિયા | ૬૯ | ભુજપુર | થાણા |
| વિનોદ કુંવરજી જેઠા છેડા | ૭૧ | રતાડિયા ગણેશ | દાદર |
| હરખચંદ જેઠાલાલ શામજી છેડા | ૭૨ | નાના આસંબિયા | નાસિક |
| ચંદ્રકાંત કુંવરજી ભારમલ શાહ/છેડા | ૭૬ | રતાડિયા ગણેશ | સાયન |
| કસ્તૂરબેન મણિલાલ મેઘજી મારૂ | ૭૬ | હાલાપુર | હૈદરાબાદ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| પોપટલાલ ખીમજી ઘેલા ગોગરી | ૮૦ | બિદડા | અંધેરી |
| દમયંતી મગનલાલ દેવજી વીરા | ૮૮ | દેશલપુર | ચેમ્બુર |
| માવજી ખીમજી મેઘજી રાંભિયા | ૯૩ | રામાણિયા | મુલુંડ |
| જવેરબેન જેઠાલાલ વીરજી ફુરિયા | ૬૯ | મેરાઉ | થાણા |
| ધનજી લખમશી ભાણજી હરિયા | ૭૮ | લાયજા | લોનાવાલા |
| પુરબાઈ ઉમરસી આણંદજી દેઢિયા | ૮૫ | પત્રી/કોડાય | બદલાપુર |
| દેવકુંવરબેન કલ્યાણજી ગોવિંદજી/લખમશી સાવલા | ૮૯ | સાભરાઈ | વિદિશા(M.P.) |
| મયુર કિશોર ખીમજી ગાલા | ૩૨ | ટોડા | મલાડ |
| કુસુમ પ્રેમચંદ મેઘજી છેડા | ૫૯ | લાયજા | મલાડ |
| મણિલાલ ઘેલાભાઈ દેવજી વિસરિયા | ૮૨ | દેશલપુર (કંઠી) | ઘાટકોપર |
| ગોસર પાસુ વેલજી નાગડા | ૯૨ | ચાંગડાઈ | ડોંબિવલી |
| મા. જવેરબેન કાનજી લધુ શેઠિયા | ૯૪ | વડાલા | વિરાર |
| જયંતીલાલ કાનજી હંસરાજ વિસરિયા | ૬૫ | બાડા | શિવરી |
| મા. કુસુમબેન ટોકરશી દેવજી ગડા | ૮૦ | ગુંદાલા | નાહુર |
| રશ્મિ ચેતન કાનજી ફુરિયા | ૪૬ | બિદડા | વસઈ |
| અ.સૌ. સુશીલા ડુંગરશી વજપાર સંગોઈ | ૭૮ | કપાયા | ડોંબિવલી |
| રવજી ખેરાજ વિજપાર કેનિયા | ૮૩ | બારોઈ | ઘાટકોપર |
| પ્રવીણ કાનજી વેલજી ગાલા | ૫૬ | વડાલા | વડાલા |
| કેતન આસુભાઈ વેરશી ગાલા | ૫૭ | દેવપુર | વડાલા |
| જ્યોતિ ધીરજ શિવજી દેઢિયા | ૬૧ | ભોરારા | પરેલ |
| મધુબેન વસંતલાલ રવજી ફુરિયા | ૭૦ | બિદડા | દહીંસર |
| શાંતિલાલ લખમશી રાયશી ગાલા | ૭૮ | કોડાય | કાંદિવલી |
| રત્નકુક્ષી મુલબાઈ મેઘજી નરશી ગડા | ૮૨ | ઉનડોઠ | સાયન |
| દેવકાંબેન ભાણજી મુરજી સોની | ૮૨ | વડાલા | ડોંબિવલી |
| કેસરબેન દામજી પાસુ ગંગર | ૮૨ | ગોધરા | ગોધરા |
| કસ્તૂરબેન જેઠાલાલ હરશી દેઢિયા (૫૩ ઉ.) | ૮૪ | મોટા રતાડિયા | ડોંબિવલી |
| રીટા રીપલ ગુલાબ ગંગર | ૪૭ | કાંડાગરા | કાંદિવલી |
| પ્રવીણ જેઠાલાલ કેશવજી હરિયા | ૬૨ | બાડા | તિલકનગર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| હરખચંદ મેઘજી આસુ પાસડ | ૭૨ | કોટડા (રોહા) | મુલુંડ ✸ |
| અ.સૌ. વિમળાબેન નાનજી ખીમજી ગાલા | ૭૩ | સાભરાઈ | ઘાટકોપર |
| નાનજી મેઘજી સુંદરજી ગડા | ૭૪ | બાડા | મુલુંડ |
| મા. કસ્તૂરબેન માલશી ઉમરશી ધરોડ | ૮૧ | છસરા | માટુંગા (૩૪ ઉ.) |
| મણિબેન રતિલાલ ભવાનજી શાહ/સાવલા | ૮૩ | રાયણ | માહિમ |
| હરખચંદ ભવાનજી કેશવજી રાંભિયા | ૮૮ | નાના ભાડિયા | મુલુંડ |
| મોરારજી દેવજી રતનશી દેઢિયા | ૯૦ | ભુજપુર | મુલુંડ |
| હાંસબાઈ નાનજી કુંવરજી કારાણી | ૯૫ | ખારૂઆ | ચેમ્બુર |
| કિરણ નાનજી વીરજી મામણિયા | ૪૮ | મોટા લાયજા | મોટા લાયજા |
| રમણીકલાલ મોરારજી સાવલા | ૮૪ | નાની તુંબડી | કોટન ગ્રીન |
| દિલીપ રામજી સોજપાર સોની | ૫૮ | પ્રાગપુર | વાપી |
| હરખચંદ મોણસી કરમશી કેનિયા | ૬૯ | બારોઈ | અમદાવાદ |
| રેખા રતિલાલ નરશી સોની | ૭૪ | દેશલપુર (કંઠી) | પરેલ |
| પદમ ધારશી રામજી છાડવા | ૭૪ | ગુંદાલા | પુના |
| પુરબાઈ દેવજી ચાંપશી સાવલા | ૮૦ | વાંકી | મલાડ (૧૭ ઉ) |
| મણિબેન નાનજી વેરશી હરિયા | ૮૭ | હાલાપુર | ઘાટકોપર |
| રાજુલા ધીરજ ઉમરશી છેડા | ૫૨ | બાયઠ | ડોંબિવલી |
| મનસુખ વેલજી નરશી સાવલા | ૫૯ | ગુંદાલા | કાંજુરમાર્ગ |
| વિમળાબેન હરિલાલ ગાંગજી ફુરિયા | ૭૩ | ડોણ | ડોંબિવલી |
| કું. ધનવંતી નેણશી પાસુ સાવલા | ૮૩ | મોટી ખાખર | ચેમ્બુર |
| કેતન જયંતીલાલ હેમરાજ લાલન | ૬૩ | કોડાય | કોડાય |
| શાંતિલાલ નાનજી પાસુ મોતા | ૬૯ | બોરાઈ | બારોઈ |
| જયસિંહ ભવાનજી ડુંગરશી ફુરિયા | ૭૫ | રાયણ | ઘાટકોપર |
| નાનબાઈ ગાંગજી ડાહ્યા ગાલા | ૯૦ | દેવપુર | દહીંસર |

ભૂતકાળ યાદ કરવાથી
વૃદ્ધ થવાય છે એ સાચું
પરંતુ માણેલા સમયને સંભારવાથી
સમૃદ્ધ થવાય છે.


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૨

# પગદંડી

અંક : ૦૮ નવેમ્બર - ૨૦૨૧

*-: માનદ્ તંત્રીઓ :-*

**અશ્વિન માલદે, શાંતિ રાંભિયા, ચંદ્રકાન્ત નંદુ**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

www.kvoss.org. - email :ksevasamaj@gmail.com

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

વાર્ષિક : રૂા. ૧૦૦/-, પંચ વાર્ષિક : રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડૉલર ડ્રાફટથી ત્રિવાર્ષિક : ૫૦

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**


જુકો કુધરત કરે સે ખરી,
હે ભાંધા ઉન લૉ તેં પૉ લરી.
છડે ડૅ તાંણ ખેંચ તૉ વારી,
નફા ઈ વૅરા પણ વેંધી વરી.

✤ ✤ ✤ ✤ ✤

ભર્યા સરોવર, ગંગાજો જલ,
તરસ્યા નીર પિયંત,
હિકડા ડીધે ડુબરા ન થીયેં ત,
બ્યા વણડીધે ભુખ મરંત.

✤ ✤ ✤ ✤ ✤

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



સંજીવની સ્વાસ્થ્ય યોજના



બુક બેંક




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ



સમુહ લગ્ન







સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) NOVEMBER 2021 RNI-14593/1957, Published on 1st of every month & Posted at Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022


# Supporting PROGRESS, Optimizing POTENTIAL.

Industry Leading Technology, Driving Sustainable Growth.

## Trusted Products, Proven Expertise



MOLDED INDUSTRIAL PACKAGING



HOSPITAL FURNITURE PARTS



AUTOMOTIVE COMPONENTS



INFRASTRUCTURAL FURNITURE PARTS

## WELFARE ACTIVITIES:

- Reusable and Recyclable Products
- Rainwater Harvesting Systems
- Constant Quest To Find New Ways To Be More Efficient And Green
- 100% Virgin Material
- Employee Welfare Practices, Understanding Their Personal Matter And Hand-holding Them During Times Of Need
- Empowering Physically Challenged Women

Mitsu
You visualise...we mold

## Mitsu Chem Plast Ltd.

Blow Moulding | Injection Moulding | Custom Moulding

+91 22 25920055 | sales@mitsuchem.com | www.mitsuchem.com
329, Gala Complex, Din Dayal Upadhyay Marg, Mulund (W), Mumbai - 400 080., Maharashtra, India.